R.N.I. No. 14593/1957

# પગદંડી


PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ ચંદ્રકાન્ત નંદુ ❋ સંજય છેડા

VOL.65 ISSUE NO. 8 - NOVEMBER 2022 - 60 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




We Navigate
Your Financial Adventure
& Ensure you
a smooth journey of life
from where you are
to where you want to be

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India,
  HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

નવેમબર ૨૦૨૨

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| પ્રકાશ પર્વ.......................................... | ચંદ્રકાન્ત નંદુ ............................ | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ......................................... | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન........... | ૯ |
| પગ મેં ભમરી.............................................. એક પગથિયેથી બીજા પગથિયે | લીલાધર માણેક ગડા ................. | ૧૧ |
| હૈદરાબાદ-નિઝામશાહી ને સંસ્કૃતિ .................. | ડૉ. ગિરીશ વીછીવોરા ................. | ૧૬ |
| બિચ બિચ રાખું બારી.................................... | ડૉ. ગુલાબ દેઢિયા...................... | ૨૦ |
| વણપોંખાયેલા, દેશભક્ત કચ્છીઓની ન્યોચ્છાવરી ! - ૩ | પ્રવીણચંદ્ર શાહ........................... | ૨૩ |
| ઈસ દેશ કો રખના, મેરે બચ્ચો સંભાલ કે........... | સંજય વિસનજી છેડા ................... | ૨૮ |
| મહોર - સીલ દ્વારા કચ્છ પ્રાચીનતાનો પરિચય..... | દલપતરામ દાણીધારિયા............... | ૩૧ |
| આ પ્રેમને શું નામ આપું.... !............................ | જ્યોતિ જેવત મોતા..................... | ૩૭ |
| Should we allow our kids to get bored? ...... | Qvitta Chheda ...................... | ૪૪ |
| સાહિત્ય અમૃત ............................................. | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૪૬ |
| છૂટી ગયો .................................................. | રાજુલ પિયૂષ દેઢિયા.................... | ૫૦ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| પગદંડી ઑક્ટોબર - કવરપેજ.................... | શાંતિલાલ ગઢિયા........................ | ૫૨ |
| પગદંડીના લેખો .................................... | અમૃતલાલ દામજી નાગડા............ | ૫૨ |
| પેનલનું પ્રદુષણ....................................... | ભાઈચંદ રતનશી શાહ.................. | ૫૨ |
| KVO POPULATION............................. | વસંત કચ્છ કેસરી........................ | ૫૮ |
| ઉર્મિલહર..................................................... | સંપાદન : વિશન નાગડા.............. | ૫૩ |
| સાંત્વન....................................................... | ................................................ | ૫૬ |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

“આજે લગ્નમાં શું જમવાનું હશે ?”
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
**ગાલા કેટરર્સ** નો ટેગ જોયે
“જે હશે બધુ ભાવતું જ હશે !”

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
## ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઈપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

## કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spec.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૩૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in
Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## પ્રકાશ પર્વ

પ્રકાશ પર્વ - દીપોત્સવ. આપણું આ પ્રકાશ પર્વ એટલે દીપાવલી. આસો વદ તેરસ - ધનતેરસથી શરૂ થતું આ પ્રકાશ પર્વ આસો વદ અમાસ સાથે પૂર્ણાહુતિ પામે છે. ત્રણ દિવસના પર્વકાળમાં હવે નવ વર્ષ અને ભાઈબીજના બે દિવસ પણ આમેજ કરી લેવામાં આવ્યા છે. આ પર્વ સમગ્ર ભારતમાં દરેક કોમ અને ધર્મના લોકો હોંશપૂર્વક ઉત્સાહથી ઊજવે છે. હવે તો વિદેશોમાં જ્યાં ભારતીયો વસે છે ત્યાં પણ દીપોત્સવની ઉત્સાહ અને આનંદથી ઉજવણી થાય છે. આ પર્વ સાથે કેટલીક ઘટનાઓ અને કથાઓ જોડાયેલી છે. રામનો રાવણ પર વિજય કે બલિરાજાની કેદમાંથી માતા લક્ષ્મીની મુક્તિની કથા દીપોત્સવીના આ પર્વ સાથે જોડાયેલી છે અને આસો વદ અમાસના આ દિવસે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા હોઈ જૈનો માટે એનું અલગ માહાત્મ્ય છે.

આસો વદ અમાસ કે દીપાવલી એ વિક્રમ સંવતનો આખરી દિવસ છે અને પછીના દિવસે કાર્તિક સુદ એકમના વિક્રમના નવા વર્ષનો આરંભ થાય છે. નવા વર્ષના આ દિવસે આપણે સૌ આરંભ થતા વર્ષ દરમ્યાન સર્વને સુખ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય એવી શુભેચ્છા પરસ્પર વ્યક્ત કરીએ છીએ. મહદઅંશે આ એક ઔપચારિકતા જ બની રહે છે. શુભેચ્છાઓ વ્યક્ત કરતી આ ઔપચારિકતા છે તો શુભ હેતુ નિર્દેશક એટલે અનર્થકારી તો નથી જ, પરંતુ એની યથાર્થતા કેટલી એ એક પ્રશ્નાર્થ છે. નવા વર્ષના આરંભે આપણે ઘણા સંકલ્પ પણ બાંધતા હોઈએ છીએ. આ સર્વ સંકલ્પોને આપણે કેટલા વફાદાર રહીએ છીએ એ તો સંકલ્પકર્તાઓ જ જાણે.

આજે સમય છે પારદર્શિતાનો અને આ કહેવાતી પારદર્શિતા દાખવવાનો. આપણે વાતવાતમાં નિર્દેશ કરતા હોઈએ છીએ અને એ અંગે ગૌરવ પણ અનુભવીએ છીએ, પરંતુ ખરી હકીકત તો એ છે કે આપણે ઘણું બધું ગુપ્ત રાખતા થયા છીએ. આપણી અંદર શું છે અને શું વિચારી રહ્યા છીએ એ અન્યને કળાવા ન દેવું એ કળામાં આપણે વધુ ને વધુ પારંગત થતાં જઈએ છીએ. આ કળાને આપણે નામ પણ રૂપકડું આપી દીધું છે. આપણે આ કળાને સ્માર્ટનેસ અને એના કળાકારને સ્માર્ટ કહી નવાજીએ છીએ. આમ સમય પારદર્શિતાનો નહીં. પરંતુ સ્માર્ટનેસનો છે.

સ્માર્ટનેસની આ અનોખી કળાનો સૌથી વધુ પ્રસાર અને પ્રભાવ રાજકારણ અને રાજકારણીઓમાં થયો છે. સ્માર્ટનેસની આ કળાને કારણે, આપણા સદ્‌ભાગ્યે શત્રુ અને મિત્રના ભેદનો છેદ ઊડી ગયો છે. ગઈકાલ સુધી એકબીજાની ટાંગ ખેંચતા અને બે ઘડીમાં શત્રુને ચિત્ત કરી દેવાનું સામર્થ્ય દાખવતા આજે એકબીજાની પીઠ થાબડી સહભોજનનો આનંદ માણતા દેખાય તો એને કળા-સ્માર્ટનેસ ચરિતાર્થ થઈ એમ જ ગણાય કે નહીં? અને આપણે કેવા સદ્‌ભાગી કે આપણા આ સ્માર્ટ રાજકારણીઓએ જ્યાંજ્યાં એમના સ્પર્શામૃતની પ્રસાદી આપી એ દરેક ક્ષેત્ર, પ્રતિષ્ઠાન કે સંસ્થામાં આ કળાના મહારથીઓ પાક્યા છે. તમે આપણી સંસ્થાઓના હિસાબો, અહેવાલો, આલેખોનું અવલોકન કરો. એની કારીગીરી, બારીક નકશીકામ જુઓ, તમે વાહવાહ, પોકારી ઊઠશો. અને તેમ છતાં કોઈ વાંકદેખો અટકચાળું કરે અને શંકાનો ચીપિયો ખખડાવે તો એને એક તરફ લઈ જઈ સમજાવી દો કે દરેક સ્થાને ખૂબ ઝીણા, પરંતું સ્પષ્ટ અક્ષરોનું લેખન વાંચે. ત્યાં લખેલું છે, ''નરો વા કુંજરો વા.'' અહીં પાણી ડહોળવાથી કંઈ નહીં વળે.

આપણી આ કળાની પ્રભાવકતાનો ક્યારેય અંદાજ આંક્યો છે ? આ કળા સ્માર્ટ ફોન, સ્માર્ટ ટી.વી.થી આગળ વધી સ્માર્ટ શહેર સુધી જ સીમિત નથી રહી. આ કળાનાં અમૃતબિંદુઓ ઝરીને આપણાં વ્યવસાયો, વિદ્યાલયો, અસ્પતાલો અને આગળ વધતાં માતા-પિતા અને સંતાનોને પણ એની ગ્રાહ્યતાના ગુણોને કારણે આવરી ચૂકી છે.

આપણી ગૃહિણીઓ બાળકોને સ્માર્ટનેસની કળામાં માહિર બનાવવા કેટલો પરિશ્રમ કરી રહી છે. ''રેઈન, રેઈન, ગો અવે''ના પાઠ ભણાવતી શાળામાં પ્રવેશ અપાવવા એના બાળકને સંવાદ-પરીક્ષણ મુલાકાત (ઈન્ટરવ્યૂ) માટે તૈયાર કરે છે અને છ આંકડાની ફી લેતી શાળામાં એના બાળકનો પ્રવેશ કરાવી ગૌરવ અનુભવતી એને ચિત્રકળા, નૃત્યકળા, સંગીત, કરાટે જેવી સ્વરક્ષણ કળા તેમ જ ફલાણી-ફલાણી રમતોની તાલીમ આપતા વર્ગોમાં ધકેલી સ્માર્ટ બનાવવાનો કઠિન પરિશ્રમ કરી રહી છે, એ ગૃહિણીઓ માટે અહોભાવ અને આદરની ઉત્કટ લાગણી અનુભવતાં શું કદરના બે શબ્દો પણ ન પહોંચાડી શકીએ ?

મંચ ઉપરથી એની વાક્‌પટુતાના ઓજસ પાથરતા, સંસ્થાના ઉત્કર્ષમાં યોગદાન આપવાની તક મળવા માટે, મધુર આભાર વચનો ઉચ્ચારતા અને પદપ્રાપ્તિ માટે એમણે ઘડેલી ચતુરાઈભરી અને શામ, દામ, દંડ, ભેદયુક્ત વ્યૂહરચના માટે એમના સાથીઓ સાથે મુક્ત ચર્ચા કરી પોતાની પીઠ થાબડી સાથીઓ પાસે એમનું પીઠ-તાડન કરાવી લેવાની કાબેલિયત ધરાવતા સ્માર્ટનેસની કળાના વિશારદોને નતમસ્તકે પ્રણામ.

પોતાના મુખ-કમળ પર સ્મિતભર્યો અંચળો ઓઢી, પોતાની જિહ્‌વા પર સરસ્વતીદેવીનું અવતરણ કરાવી સભાઓમાં એકઠા થયેલાં ટોળાંઓની વાહવાહ પ્રાપ્ત કરવાની ક્ષમતા કેળવી ચૂકેલા સ્માર્ટનેસપટુઓની જય હો, જય હો.

અને હા, આ મીડિયા અને જાહેરાતકરોએ આ સ્માર્ટનેસ-કળાને ઉજાગર કરવા જે યોગદાન આપ્યું છે એ અનમોલ છે. એનો બરડો ઠોકવા શબ્દો ઓછા પડે છે. લુચ્ચાઈ છેતરપિંડી, જાતને વેંચતું મીડિયા. અને ચોટદુક કહેવતો જેવી ‘જીસકે તલમેં લડ્ડુ, ઉસકે તલમેં હમ’, ‘મુખમેં રામ, બગલ મેં છૂરી...’ હવે તો શબ્દો જ નથી મળતા એના ગુણગાન માટે.

સ્માર્ટ, સ્માર્ટ અને સ્માર્ટ, ચારેતરફ સ્માર્ટનેસ. કેવા સુખભર્યા દિવસો છે.

અને ત્યાં જ એક ટમટમતા દીપકનો પ્રકાશ જરીક હલબલ્યો અને મંદ સ્વર કાને પડ્યો. આ અસત્ય છે. આ સુખ નથી. સ્થિતિ સુખભર્યા દિવસોનો ભ્રમ છે. તંદ્રામાંથી જાગૃત સ્થિતિ પ્રાપ્ત થતાં જ બધું ચકરાવા માંડ્યું. આ શું છે ? ક્યાં જઈ રહ્યા છીએ આપણે ? આ તો આત્મઘાતી માર્ગ છે. ક્યાં પહોંચાડશે એ ? દુનિયા સમસ્તને તો ઊંધા ચશ્માં પહેરાવી શકશું, પણ તમારું શું ? તમે સીધા, ઊંધા, આડા, વાંકા ચશ્માં ધારણ કરો પણ તમને તો જે છે એ જ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે અને સ્વને છેતરવાની ડંખીલી પીડા તમને જંપવા દેશે ? આ સ્માર્ટનેસના મૃગજળ! ઝાંઝવાનાં જળમાં હવાતિયાં મારતાં તો કેવળ પછડાટ જ મળી અને આ પછડાટ પણ ધોબીપછાડ (સ્માર્ટ પછડાટ) નીવડી. હવે શું ? અને મન વર્ષો પાછળ લઈ ગયું. કેવા સુખમય દિવસો હતા એ ! સરળ, સાદું જીવન હતું. પરિશ્રમથી પૈસો ઉપાર્જિત થતો અને સંતોષના સુખની સંપ્રાપ્તિ થતી. ઈશ્વર-પરમતત્ત્વની કૃપાનો અહેસાસ થતાં આનંદની અનુભૂતિ થતી.

અને એ ઘડી આવી પહોંચી છે, આરંભ થતા નવા વર્ષે એક અનેરો સંકલ્પ લેવાની ઘડી. હવે કશીએ દ્વિધા નથી, મૂંઝવણ નથી. કોઈ વિકલ્પ પણ નથી. વિકલ્પની આવશ્યકતા નથી.

આ પ્રકાશ પર્વે ટમટમતા દીપકની જ્યોતિમાં બધું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

વિક્રમના આ નૂતન વર્ષે ચતુરાઈ, દેખાવ, વાક્‌પટુતા, લિપ્ત છેતરામણી વાણી અને વ્યવહારને તિલાંજલિ આપી સાદગી અને સરળતાભરી જીવનશૈલી અપનાવવાનો દૃઢસંકલ્પ કરીએ.

સરળતાના સંકલ્પથી સિક્ત નવ વર્ષે સંતોષસિક્ત સુખ અને સમૃદ્ધિની સંપ્રાપ્તિ થાઓ એ જ શુભેચ્છા.

આ ટમટમતો દિવ્ય પ્રકાશ માર્ગ ચિંધી રહ્યો છે.

**- ચંદ્રકાન્ત નંદુ - બાડા**
મો. : ૯૩૨૩૫૪૧૩૫૧

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પ્રમુખશ્રીની કલમે

ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન

## દીપાવલી

દિવાળીનું પર્વ આપણી ભારતીય સંસ્કૃતિમાં એક અનોખું સ્થાન ધરાવે છે. ધનતેરસથી શરૂ થતો અને ભાઈબીજ સુધીનો પાંચ દિવસનો આ વિશેષ મહોત્સવ આપણા જીવનમાં અજ્ઞાનને દૂર કરી જ્ઞાનની જ્યોત પ્રગટાવે છે. દીપ-પ્રકાશનું આ પર્વ આપણા જીવનમાં અનોખું સ્થાન ધરાવે છે. આ મહાપર્વ સૌના જીવનમાં ઉત્સાહ, જોમ અને જોશ પ્રગટાવી આપણા આત્માને પ્રફુલ્લિત રાખે એવી પ્રાર્થના.

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ સતત ૭૫ વર્ષથી સમાજ વિકાસ માટે સંપૂર્ણ નિષ્ઠાથી સેવાકાર્યમાં રત રહી આજે અમૃત મહોત્સવ તરફ મક્કમતાથી ગતિ કરી રહેલ છે, ત્યારે આપણે સૌ આગામી વર્ષોમાં સમાજ વિકાસનાં નવાં સીમાચિહ્નો સર કરવાનો દૃઢ સંકલ્પ લઈએ. સમાજ નિષ્ઠા અને સખત પરિશ્રમને સાથે લઈને સમાજના સર્વાંગીય વિકાસ માટે આપણી જાતને તૈયાર કરવાની રહેશે.

પ્રતિકૂળતા તો જિંદગીમાં આગળ વધવાનું સૌથી શક્તિશાળી એન્જિન હોય છે. અને આ જ પ્રતિકૂળતાઓ વચ્ચે આપણા સમાજે વિકાસની જે હરણફાળ ભરેલ છે એની નોંધ સમગ્ર ભારત અને વિદેશમાં લેવાયલ છે. સમાજ સેવાનાં બધાં જ ક્ષેત્રોમાં આપણાં સમાજની સર્વે સામાજિક સંસ્થાઓએ નિત્રદીપ કાર્ય કરેલ છે એની નોંધ લેવી ઘટે.

આવનાર દિવસોમાં કદાચ સમાજ વિકાસ માટે નવાં ક્રાંતિકારી પગલાં તરફ જવું પડશે.

શિક્ષિત સમાજ સમાજ વિકાસ માટેની પ્રાથમિક જરૂરિયાત હોય છે અને આને લક્ષમાં રાખી આપણાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે એ માટે કમર કસવી પડશે.

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ હંમેશાં સમાજ વિકાસનું એક આદર્શ મૉડેલ રહેલ છે અને રહેવા માંગે છે.

આગામી સમયમાં વિકાસના ઊર્ધ્વગામી પ્રવાસ માટે સમાજની દરેક વ્યક્તિઓનો સાથ-સહકાર જરૂરી બની રહેશે અને આપણા સૌના સહિયારી પ્રયાસો વિકાસને એક નવી દિશા આપશે.

ફરી એકવાર આપણા સૌના દિલમાં સદ્‌વિચારો અને સત્યનિષ્ઠના દીવડા પ્રકાશે એવી અંતઃકરણપૂર્વકની અભ્યર્થના સાથે નવા વર્ષની અઢળક શુભેચ્છાઓ.

મો. : ૯૩૨૨૯ ૫૫૮૮૦


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

લીલાધર માણેક ગડા-અધા

# એક પગથિયેથી બીજા પગથિયે

ભલાઈનાં કાર્યો કરવા એ મનુષ્યનું કર્તવ્ય છે. સારાં કામો કરવા માટે આપણને સતત પ્રેરણાસ્રોતનો સાથ-સંગાથ જોઈએ. સારાં કાર્યોની ક્યારેય સરખામણી ન થાય. એકબીજાનાં શુભ કાર્યો પરસ્પર પ્રેરણા આપે તો... બન્નેના કાર્યો દીપી ઊઠે, ઊજળા થવાય કંઈક નવું કરવાની ઈચ્છા પ્રજ્વળતી રહે. શુભ કાર્યો કરતી સંસ્થાઓની અવારનવાર મુલાકાત લઈએ, એમની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ, અવલોકન અને વિશ્લેષણ કરીએ તો આપણે ઘણું પામીએ. દાયકાઓથી હું આ શિરસ્તાને વળગી રહ્યો છું. મારી ભમરી પણ એનાથી સમૃદ્ધ થાય છે અનો આવી માનવીય પ્રવૃત્તિઓનું આલેખન કરી પગદંડીના વાચકોને વાકેફ પણ કરતો રહું છું. મન-હૃદયમાં ખૂંપી જાય એવી પ્રવૃત્તિઓનાં તીર્થસ્થાનોનાં દર્શન કરવા અને સંચાલન કરતા ગુણીજનોની સાથે સંવાદ કરવાની ફરીફરી ઈચ્છા થાય છે. અને અનુકૂળતાએ ઈચ્છાતૃપ્તિ માટે પ્રવાસ કરતો રહું છું, મારી ભમરી રખડ્યા કરે છે.

કચ્છના ધરતીકંપ પછીની પુનર્વસનની પ્રવૃત્તિઓમાંથી નવરાશ મળતાં ૨૦૦૮થી ૨૦૧૩ પાંચ -છ વર્ષ દરમ્યાન હું ખૂબ ફર્યો, મુખ્યત્વે આદિવાસી વિસ્તારમાં થતી પ્રવૃત્તિઓ નિહાળી અને ત્યારે થયું કે આપણા કરતાં કેટલા ઘણી મુશ્કેલીઓ, અડચણોને અવગણી અથવા એને મહાત કરી કાર્ય કરતી વ્યક્તિઓ આપણા પ્રેરણાસ્રોત બની શકે અને પ્રેરણાવારી થવા એમની અવારનવાર મુલાકાત લેવી જોઈએ. તામિલનાડુના ધર્મપુરી જિલ્લાનાં આદિવાસી વિસ્તાર સીટ્ટીલીંગી આવું એક તીર્થ છે અને સંસ્થા છે ટ્રાઈબલ હેલ્થ ઈનીસીઅટિવ.

એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતી વખતે લલિતા અને નેગી જ્યોર્જ-હિંદુ યુવતી અને ક્રિશ્ચિયન યુવાને ડૉક્ટરી અભ્યાસ પૂરો કરી ગામડામાં આરોગ્ય પ્રવૃત્તિઓ કરવાનો નિર્ણય લીધો. બન્નેએ પોસ્ટ ગ્રૅજ્યુએશન કર્યા પછી એ નિર્ણયમાં સુધારો કરી ગામડાને બદલે આદિવાસી વિસ્તારને (અઠે દ્વારકા) પ્રાથમિકતા આપી. એમના સંઘર્ષ અને સંનિષ્ઠાની વાતો 'પગ મેં ભમરી'ના સને ૨૦૧૪ના માર્ચ-એપ્રિલના 'પગદંડી'માં છે અને પુસ્તક 'પગ મેં ભમરી' - ચરણ-૪ માં સમાવિષ્ટ છે. સીટ્ટીલીંગીની મારી પ્રથમ મુલાકાત જાન્યુ. ૨૦૧૪માં હતી અને ત્યાર પછી હું ત્રણ વખત

ત્યાં ગયો હતો. મને પ્રતિવર્ષ ત્યાં જવાની ઈચ્છા થાય ખરી, પરંતુ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમ્યાન કોરોનાને કારણે એ સંભવિત થયું નહીં. છેલ્લાં બે વર્ષથી મને પગની તકલીફ થઈ છે એટલે સાથ-સંગાથ વગર નીકળવાનું શક્ય ન થાય એટલે ચાર વર્ષથી સીટ્ટીલીંટી, સોનભદ્ર ભેખડિયા, મેઘરજ જેવા આદિવાસી વિસ્તારનાં તીર્થોનાં દર્શન થયા નથી. છેલ્લે ૨૦૧૯માં દિવાળી વૅકેશન દરમ્યાન બાબા આમ્ટે પરિવારના લોકબિરાદરી પ્રકલ્પ-હેમલકષા-ચંદ્રપુરની મુલાકાત લીધી હતી.

કોરોનાના ક્ષુબ્ધ વાતાવરણમાંથી સૌ મુક્ત થયા એટલે ફરી પાછી રખડપટ્ટી કરવાના ઓરતા જાગ્યા, પરંતુ હવે પગની તકલીફ અને વયમર્યાદાના કારણે એકાકી મુસાફરી કરવી શક્ય નથી. જાન્યુઆરી, ૨૦૨૨થી સહૃદયી ગુણીજનોનાં નોતરાં આવતાં હતાં. મારે માત્ર સ્થળ પસંદ કરવાનું હતું. મહારાષ્ટ્રમાં ગડચિરોલીના આદિવાસી ક્ષેત્રમાં સેવાની ધૂણી ધખાવી છે એવા ડૉ. અભય અને ડૉ. રાણી બંગની હૉસ્પિટલ જોવાની, એમને મળવાની અને કશુંક પામવાની તીવ્ર ઈચ્છા હતી, પરંતુ કોઈ કારણસર એ શક્ય બન્યું નહીં. ભોજાયના ડિસેંબર, ૨૦૨૧નાં મેગા કૅમ્પમાં મારા મિત્ર અનિલભાઈ ભોજાય- માનસી પધાર્યાં હતા. એમણે તિરુપુર પધારવાનું મને નિમંત્રણ આપ્યું અને સાથેસાથે ગીતા અને નવીનને મારા સંગાથે આવવાનો પણ આગ્રહ કર્યો હતો, જેથી મને સંગાથ રહે. તિરુપુરથી સીટ્ટીલીંગી સાડા ત્રણ-ચાર કલાકના અંતરે છે. એટલે સપ્ટેંબર, ૨૦૨૨ દરમ્યાન તિરુપુર-સીટ્ટીલીંગી-બેંગલોર-મુંબઈ મુસાફરીનો પ્લાન ગોઠવ્યો. તિરુપુર અને બેંગલોરમાં મારા સ્નેહીજનો અને અમારી પ્રવૃત્તિઓનો આધારસ્થંભ બની રહેતા મિત્રોને મળવાની ઈચ્છા હતી અને સીટ્ટીલીંગીમાં આદિવાસીઓ માટે છેલ્લાં વીસ વર્ષથી આરોગ્ય ક્ષેત્રે કાર્યશીલ ડૉ. નેગી જ્યોર્જ, ડૉ. લલિતા જ્યોર્જ અને ડૉ. રવીકુમારને મળવાની ઉત્કંઠા હતી. સીટ્ટીલીંગીની મારી ચાર મુલાકાતો દરમ્યાન મને હરહંમેશ કશુંક નવું જાણવાનું અને માણવાનું રહ્યું છે. એમની પ્રવૃત્તિઓ હવે માત્ર આરોગ્ય ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ આદિવાસી જનકલ્યાણનાં વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરતી રહે છે.

બે દિવસનું તિરુપુરનું રોકાણ અને શ્રી અનિલભાઈની મહેમાનનવાજી અવિસ્મરણીય છે. એમના વૃક્ષપ્રેમી મિત્ર સુંદરરાજનનું વનીકરણનું કાર્ય અકલ્પનીય છે. વનીકરણની સાથે એમણે જલસંચય, સ્વચ્છતા, આરોગ્ય અને વિશેષતઃ પારંપરિક યોગસાધના જેવાં ક્ષેત્રોમાં પણ બેનમૂન કાર્ય કર્યું છે. એની નોંધો ટપકાવી છે અને સમયાનુસાર એનું આલેખન પણ 'પગ મેં ભમરી'માં કરીશ.

તિરુપુરથી ૧૪ સપ્ટેંબરે વહેલી પરોઢે સીટ્ટીલીંગી જવા પ્રયાણ કર્યું. તિરુપુરથી સેલમ અને સેલમથી સીટ્ટીલીંગીનો માર્ગ કાપતા

ચારેક કલાક લાગ્યા મારી સને ૨૦૧૪ની સીટ્ટીલીંગીની પ્રથમ મુલાકાત વખતે માત્ર સેલમથી સીટ્ટીલીંગી ચાર કલાક લાગ્યા હતા. હવે હું ફ્લેશબૅકમાં જાઉં છું. ત્રાવણકોર કોચીન રાજઘરાનાની પુત્રી લલિતા (ધર્મ-હિંદુ) અને ખ્રિસ્તી છોકરો નેગી જ્યૉર્જ અલેપ્પીની મેડિકલ કૉલેજમાં સાથે અભ્યાસ કરતાંકરતાં ડૉક્ટરો બન્યાં પછી ગામડામાં સ્થિર થવા સપનાં સેવે છે. બેઉ પોસ્ટ ગ્રૅજ્યુએશન પુરું કરે છે. લલિતા સ્ત્રી રોગ નિષ્ણાત બને છે. અને જ્યૉર્જ એનેસ્થેટિસ્ટનો કોર્સ પૂરો કરે છે. ગામડાને બદલે આદિવાસી વિસ્તારને કાર્યક્ષેત્ર બનાવવાનો નિર્ણય લે છે. સ્થળ પસંદગી માટે ભારતના તમામ આદિવાસી વિસ્તારો ખૂંદી વળે છે અને તામિલનાડુના ધર્મપુરી જિલ્લાનાં સીટ્ટીલીંગી ગામડામાં સેવાની આહલેક જગાવવા સને ૧૯૯૩માં ધૂણી ધખાવે છે. ત્યાં તેમણે **TRIBAL HEALTH INITIATIVE** નામે હૉસ્પિટલ શરૂ કરી. પંદર વર્ષ પછી ઈંગ્લૅન્ડ રિર્ટન યુવાન ડૉ. રવીકુમાર એમની સાથે ૨૦૦૮માં જોડાય છે. એમની સંઘર્ષકથાનું મેં ૨૦૧૪ - ૧૫ દરમ્યાન પગદંડીની પગ મેં ભમરી કોલમમાં આલેખન કર્યું છે. ૨૦૧૪ થી ૨૦૧૭ પ્રતિવર્ષ હું સીટ્ટીલીંગી જતો હતો અને દર વર્ષે ત્યાં નવીનવી પ્રવૃત્તિઓ શરૂ થતી હતી જે જરા હટકે સિદ્ધાંતને અનુસરી આદિવાસીઓની આજીવિકા, કેળવણી, ખેતી સુધારણા માટેની હતી. પોતાની દૈનિક પ્રવૃત્તિઓમાંથી સમય સાચવી એનો અન્ય પ્રવૃત્તિઓ માટે જ્યૉર્જ દંપત્તિ ઉપયોગ કરતાં હતાં.

મારી આ વેળાની મુલાકાત વખતે નવુંનવું જાણવા મળ્યું. અમે સવારે ૯.૩૦ વાગે પહોંચ્યા ત્યારે ડૉ. રવીકુમારે અમારું સ્વાગત કર્યું. એમની સાથે ચાર-પાંચ યુવાન ડૉક્ટરો હતા. સૌ પ્રથમ એમણે અમારો પરિચય ડૉ. પ્રદીપ (ઉંમર આશરે ૨૮ થી ૩૦) સાથે કરાવ્યો. ડૉ. પ્રદીપ સ્ત્રી રોગ નિષ્ણાત છે અને તેઓ ચેન્નાઈથી આવે છે. કોરોના દરમ્યાન સીટ્ટીલીંગીની હૉસ્પિટલે અદ્ભુત કાર્ય કર્યું હતું જેની નોંધ રાજ્ય અને કેંદ્ર સ્તરે લેવાઈ હતી. કોરોના સમય દરમ્યાન વિવિધ મેડિકલ કૉલેજનાં વિદ્યાર્થીઓ સેવા આપવા આવ્યા હતા જેમાંથી બે-ચાર જણને સીટ્ટીલીંગમાં સ્થિર થવાના ભાવ જાગૃત થયા તેમાંના એક ડૉ. પ્રદીપ હતા અને ડૉ. પ્રદીપ વાસ્તવમાં એક દ્વારકા કહી સીટ્ટીલીંગીની ટ્રાઈબલ હૉસ્પિટલ સાથે જોડાઈ ગયા.

**ડૉ. પ્રદીપની સ્ત્રી રોગ નિષ્ણાત તરીકેની કામગીરી જ્યૉર્જ દંપતીને બહુ સંતોષકારક લાગી એટલે ડૉ. લલિતા સ્ત્રી રોગ સર્જરી કામગીરીમાંથી મુક્ત થયાં. હવે તેઓ પ્રતિ સપ્તાહ બે દિવસ માટે હૉસ્પિટલમાં આવે છે અને શેષ સમય તેઓ સ્થાનિકે રહેતા લોમ્બાર્ડી વણઝારા સમુદાય માટે આપે છે. ગરીબી રેખાની નીચે જીવતા આ સમુદાયની હસ્તકલા 'પોરગાઈ' નામે ઓળખાય છે. એમની કલાને**

પોતાના સમુદાયથી બહાર રાજ્ય અને રાષ્ટ્રીય ફલક પર લાવવાનું કામ એમણે વર્ષો પહેલાંથી શરૂ કર્યું હતું અને છેલ્લાં બે વર્ષથી આ પ્રવૃત્તિને વધારે વેગવાન બનાવી છે. પોરગાઈનો અર્થ ગૌરવ થાય છે. લોમ્બાર્ડી સમુદાયની રહેણી-કરણી અને બોલીમાં આપણા કચ્છ અને રાજસ્થાનની બોલી, રહેણી–કરણીમાં ઘણું સામ્ય છે. પ્રસિદ્ધ ફિલ્મસર્જક અલ્ગા ઉશ્રીએ લોમ્બાર્ડી સમુદાય અને સીટ્ટીલીંગી વેલી ઉપર બનાવેલી ફિલ્મ The Pride ને છ આંતરરાષ્ટ્રીય એવૉર્ડ મળ્યા છે. ડૉ. લલિતા પોતાનો સમય પોરગાઈ કલાને ઉજાગર કરવામાં વિતાવે છે. આ કલાને એમની આજીવિકાનું સાધન બનાવવા તેઓ પ્રયત્નશીલ છે. આજથી અડધી સદી અગાઉ કચ્છની ભરતકલાને વિશ્વ ફલક પર લાવવા ચંદાબેન શ્રોફ અને સૃજન સંસ્થાએ ભગીરથ કાર્ય કર્યું હતું તેવું જ કશુંક કરવાની ડૉ. લલિતાની ઈચ્છા છે અને આપણે ઈચ્છીએ કે તેઓ એમાં સફળ થાય. પોરગાઈ આર્ટનું પ્રદર્શન અને The Pride ફિલ્મની રજુઆત તા. ૧૫ અને ૧૬ ઑક્ટોબર ૨૦૨૨ના મુંબઈના નહેરુ સેન્ટર, વરલીમાં યોજવામાં આવી છે.

ડૉ. નેગી જ્યૉર્જનું મુખ્ય કાર્ય વહીવટ, ઓ.પી.ડી. અને ઑપરેશન દરમ્યાન દરદીને એનેસ્થેશિયા આપવાનું છે. સામાન્ય, રોજબરોજના વહીવટમાંથી તેઓ મુક્ત થયા છે. દરદીને લોકલ અને સ્પાઈનલ એનેસ્થેશિયા આપવા બીજા ડૉક્ટરો સુસજ્જ છે એટલે માત્ર જનરલ એનેસ્થેશિયા વખતે તેઓ આવે છે. હૉસ્પિટલની પ્રવૃત્તિઓ હવે બરોબર ગોઠવાઈ ગઈ છે. (The Activities are streamlined) પ્રતિ સપ્તાહ બુધવારે દરેક વિભાગના સિનિયરો, ડૉક્ટરોની સંકલન સભાઓ હોય છે અને એ દિવસો દરેકે હૉસ્પિટલમાં હાજર રહેવું જરૂરી છે. ડૉ. નેગી જ્યૉર્જે હૉસ્પિટલની રોજિંદી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લઈ આદિવાસી નાના ખેડૂતોનું જીવનધોરણ સુધારવા, એમની આવક વધારવા માટેનું કાર્ય હાથમાં લીધું છે. પાંચ એકરથી ઓછી જમીન ધારણ કરનાર ૭૦૦ ખેડૂતોની પ્રોડ્યુસર કંપની સ્થાપી છે. દેશી બિયારણ દેશી ખાતર દ્વારા બિનરાસાયણિક ખેતી ઉત્પાદન માટે આ ખેડૂતોને પ્રેરણા અને માર્ગદર્શન ડૉ. નેગી જ્યોર્જ આપે છે. ડૉ. નેગી જ્યોર્જને બધા ''જી''ના હુલામણા નામથી સંબોધે છે. આ ખેત પેદાશોનું વેચાણ (માર્કેટિંગ) કરી તેમના વધુ ભાવોનો નફો ખેડૂતોને મળે તેવી વ્યવસ્થા તેઓ ગોઠવે છે. ખેડૂતો કપરા સમયમાં ૪૮ ટકા જેટલા વ્યાજે પૈસા સાહુકારો પાસેથી લે છે. ખેડૂતોને સરળ ધિરાણ મળે તે માટે પણ તેઓ કાર્યશીલ છે. સામાન્ય રીતે આપણે શરૂ કરેલી પ્રવૃત્તિઓ સ્થિર થઈ જાય એટલે નવી પ્રવૃત્તિઓ, જુદાજુદા વિષયો લઈ કાર્ય કરવાની વૃત્તિ થતી નથી અને એક પ્રકારની સંતુષ્ટતા (Saturation)નો અનુભવ કરી વિરામ લઈએ છીએ.

**સીટ્ટીલીંગીમાં એવું નથી. ડૉ. રવીકુમારે પણ પોતાની આરોગ્યની પ્રવૃત્તિઓમાં ગળાડૂબ હોવા છતાં ગરીબ, અનાથ બાળકોનાં ભણતર માટેનું કામ હાથ લીધું છે.**

ટ્રાઈબલ હૉસ્પિટલ યુવાન ડૉક્ટરો માટે ફેલોશિપ કોર્સ ચલાવે છે. આ ફેલોશિપ અંતર્ગત પરદેશથી યુવા ડૉક્ટરો અનુભવ લેવા આવે છે. તામિલનાડુની ત્રણ મેડિકલ કૉલેજો પોતાના વિદ્યાર્થીઓને અહીં અનુભવ લેવા માટે મોકલે છે. કોરોનો દરમ્યાન આવેલી ટીમોમાંથી ત્રણ ડૉક્ટરોએ અહીં જોડાવાની ઈચ્છા દર્શાવી છે. ટ્રાઈબલ હૉસ્પિટલ સીટ્ટીલીંગી અહીંથી ૩૫-૪૦ કિ.મી. દૂર ઓ.પી.ડી. ક્લિનિક શરૂ કરવા ઈચ્છે છે જ્યાં લૅબોરેટરી ઈત્યાદિની પણ સગવડો હોય. અત્યારે તે વિસ્તારથી દરદીઓ ૩૫-૪૦ કિ.મી.નો પંથ કાપી સીટ્ટીલીંગી આવે છે જેની સંખ્યા ૩૫ ટકા જેટલી છે. હવે ત્યાં પ્રાથમિક નિદાન અને સારવાર શક્ય થશે અને માત્ર ઑપરેશન યોગ્ય દરદીઓને સીટ્ટીલીંગી આવવું પડશે. આની વિગતવાર માહિતી ડૉ. નેગી જ્યૉર્જે આપી અને એમને માટે જરૂરી ફંડની વાત કરી. હાલ તુરત ઓ.પી.ડી. ક્લિનિક અને લૅબોરટરી માટે અંદાજે પાંચથી સાત લાખ રૂપિયાની જરૂરત છે. જે માટે ગીતાએ એક-બે જણાનો સંપર્ક કર્યો અને ઈશ્વરકૃપાએ એ અનુદાન પ્રાપ્ત થઈ ગયું છે, અમારે ડૉ. જ્યૉર્જને GO AHEAD નું સિગ્નલ આપવાની જરૂરત ન હતી કારણકે એમણે ઈશ્વરભરોસે એ કાર્ય શરૂ કરી દીધું છે.

અમારી સીટ્ટીલીંગીની મુલાકાતે અમને શું આપ્યું એના કરતાં અમે શું મેળવ્યું એની વાત કરીશ. ભલાઈનાં કાર્યોનો કોઈ છેડો નથી. એક પગથિયેથી બીજા પગથિયે ચાલતા રહો. કોઈની રાહ ન જુઓ. રાહ જોવામાં વર્ષો વીતી જાય છે. ચાલવા માંડો, સંગાથ મળતો રહેશે.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

## ઉમેરો - સુધારો

‘પગદંડી’ના ઑક્ટોબર, ૨૦૨૨ના અંકમાં ‘પગ મેં ભમરી’ - ‘અતીતના ઓવારેથી (જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલ)’ લેખમાં નીચે પ્રમાણે સુધારો અને સમજશો / વાંચશો.

જેકબ સર્કલ ફ્રેન્ડ્સ સર્કલના એક સભ્ય ડૉ. ચુનીલાલ ભારમલ વોરા લગભગ ૯૦ વર્ષની ઉંમરે ગાંધીધામમાં પ્રૅકટીસ કરી રહ્યા છે.

લેખમાં ડૉ. અમરચંદ ગાલા કચ્છ જિલ્લાનાં ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઑફિસર પદેથી રીટાયર્ડ થયા એ પ્રમાણે જણાવ્યું છે એને સુધારીને ડૉ. અમરચંદ ગાલા ડીરેક્ટર, પ્બલીક હેલ્થ ડિપાર્ટમૅન્ટ (ગુજરાત સરકાર) ના હોદ્દા પરથી નિવૃત થયા એ પ્રમાણે વાંચવું.

- લેખક

# હૈદરાબાદ-નિઝામશાહી ને સંસ્કૃતિ

✻ ડૉ. ગિરીશ વીછીવોરા ✻

હૈદરાબાદની ભાગોળ શરૂ થાય, એ પાંચ-પચીસ માઈલ દૂર રહે ત્યારે શરૂ થાય એક અપ્રતીમ દૃશ્ય. દૃષ્ટિપટ પહોંચે ત્યાં સુધી ખડકાળ પથ્થરોનું જંગલ. એ જંગલની વચ્ચે વહી જતી આપણી ટ્રેન, જાણે પહાડોની ભીડ વચ્ચેથી ભાગતી ભાગીરથી. ખડકો આછાભૂરા રંગના, બહુધા લીસા. કોઈ મહાકાય, કોઈ ટચુકડા, કોઈ આઘે, કોઈ સાવ ઢુકળા. બધાએ સંપીને બનાવ્યો છે એક જમેલો. કોઈ જરા રમતિયાળ હશે, એટલે અવનવી મુદ્રા કરી બેઠા છે. કોઈ અંદરઅંદર ઘૂસપૂસ કરતાં હોય તેમ એકબીજાની સામે જોઈ ઊભા છે. વચ્ચેવચ્ચે આવતું રહે એમની આજુબાજુ જમા થયેલું વારિ. ખડકો મંદમંદ હસતા એમાં પોતાનું પ્રતિબિંબ જોતા મહાલતા રહે છે. ક્યાંક થોડૂક ઘાસ, ક્યાંક ફૂલો તો ક્યાંક તરુણ તરુનું વૃન્દ. કદાચ આકાશનાં વાદળાંને પોતાનું વદન જોવાની ઈચ્છા થઈ હશે ને આ ફૂલછોડો સાથે થોડાં છાનગપતિયાં કરવાના ઓરતા થયા હશે એટલે ઊતરી આવ્યાં બધાં હેઠે ને સૃષ્ટિની સ્નેહાદ્ર લાગણી જોઈ અહીં જ રોકાઈ ગયાં હશે. ભલા આકાશમાં તે વળી શું દાટ્યું છે. અહીં રહો ને કરો જલસા. કોઈ અલ્લડ વાદળે પ્રસ્તાવ મૂકયો હશે ને મોટેરાંઓએ મૂક સંમતિ આપી હશે.

આવું જ કંઈક જોઈને જગદીશ જોષીને કાવ્ય સ્ફૂર્યું હશેઃ-

'આકાશે આમ ક્યાંક ઝૂકી લીધું,
ને ફૂલોને કેમ છો પૂછી લીધું'.

સ્ટેશનના દિદાર જોઈ મન જરૂર ખંચકાય વસ્તીમાં પાંચમા-છઠા નંબરે આવતા ભારતના એક પ્રથમ પંક્તિના શહેરનું રેલવેસ્ટેશન સાવ આવું નાનું-નગણ્ય! હૈદરાબાદ પ્રત્યેનું રેલવેનું વર્તન ઓરમાયું છે. એમનું મુખ્ય ધામ બાજુનું જોડિયા નગર સિકંદરાબાદ. અંગ્રેજોનો એક જમાનાનો અડ્ડો! સ્ટેશનથી બહાર નીકળીએ તો વાહનોની ભીડ ખરી, પણ અમદાવાદ-મુંબઈ યાદ ન આવે. વાહનોમાં મુખ્યત્વે ત્રણ પૈડાંવાળી ઑટોરિક્ષા, ટૅક્સી ખરી. ખાનગી વાહનોની ભરમાર ખરી, ખાસ કરીને જૂની મોટરો (Vintage Car). સપાટ ખેતરમાં ક્યાંક રહી ગયેલા ઘાસના ઝૂંડની જેમ દેખા દે. એક જમાનાની આ શહેરની નજાકતભરી રોનકનો અણસાર આપે.

ઈતિહાસને ન ઉલેચવો હોય તો આ શહેરને પોતાનો આગવો ઈતિહાસ છે જ. કુતુબશાહીના પાંચમા રાજા સુલ્તાન

મોહમદકાલી કુતુબશાહે ૧૫૯૦માં સ્થાપ્યું. એની નજદીકના પરા ગોલકોંડામાં જે ત્યારે ભાગ્યનગર કહેવાતું. હા, રાજાને ગમતી રાણી માટે બધું થાય. ભાગ્યનગર પણ મનગમતી રાણી ભાગ્યમતીના સ્નેહદર્શન માટે જ કહેવાયું હૈદરાબાદ નામ પાછળથી અંકિત થયું.

શ્રી નગરની વચ્ચેથી જેમ વિતસ્થા સર્પાકારે વહી જાય છે તેવી જ રીતે હૈદરાબાદની વચ્ચેથી વહી જાય છે મુસા. હા, જેલમ તો પાણીથી ભરીભરી, રમતિયાળ ને પોતાની પીઠ પરના શિકારાનો બોજ એને જરા પણ હેરાન ન કરે. મુસા તો સાવ સૂકી ને બુઠ્ઠી. ખડકોના ઢગલા વચ્ચે ક્યાંક દેખાય પાણીનાં ખોબોચિયાં ને તે પણ ગંદાં છતાં નદી તો ખરી જ.

રાતના હૈદરાબાદ હર કોઈ શહેરની જેમ રમતિયાળ ભાસે. એકાદ ઊંચી જગાએથી જોતાં. ટમટમ થતાં એના દીવા ને પ્રકાશથી ઝળહળતા થતો હૈદરાબાદ-સિકંદરાબાદને જોડતો માર્ગ-'કટ્ટો'- જોઈ કાકાસાહેબ કાલેલકરની અંધારી રાતની મહાસાગરમાં તરતી દીપમાળાવાળી આગબોટ યાદ આવે.

ઓગણીસમી સદીનો કોઈ યુરોપિયન પ્રવાસી પશ્ચિમ એશિયાના બગદાદ, ઈસ્તાંબુલ જેવાં શહેરોની મુલાકાત લેતો ને તેને જેવી કુતૂહલભરી લાગણી જાગતી તેવું જ કંઈક મુંબઈનો પ્રવાસી જૂના હૈદરાબાદ (Old City) માં ભમે ત્યારે એને થાય તો નવાઈ નહીં.

ઊડીને આંખે વળગે એવી ચીજ તે ગુંબજ. કોઈ પણ જાહેર ઈમારત આવા ગુંબજથી અંકિત હોય જ, પછી ભલે તે હૉસ્પિટલ હોય કે હાઈ કોર્ટ, મકબરો હોય કે મસ્જિદ, લાઈબ્રેરી હોય કે કૉલેજ. ઓસમાનિયા હૉસ્પિટલનું મકાન એટલા બધા ગુંબજોથી ઘેરાયેલું છે કે એને હૉસ્પિટલ કહેતાં સહેજે કોઈ મ્યુઝિયમ કહે. શહેરની મધ્યમાં આવેલું નિઝામનું રહેણાંક 'King Kothi' વિસ્તારમાં મોટું, પણ દમામદાર ઓછું એવા તો કંઈ-કેટલાય મહેલો મોટા ને છોટા નવાબોના શહેરમાં ફેલાયેલા છે. નિઝામશાહીની રોનકને જાહોજલાલીના મૂક સાક્ષી તરીકે હજી પણ અડીખમ ઊભા છે. જૂના શહેરના ઘણા લત્તાઓને મુંબઈગરો પોતાના લત્તા સાથે સરખાવી શકે. અહીં 'કાલબાદેવી' છે, 'ભૂલેશ્વર' છે, 'ભાતબજાર' ને ભીંડીબજાર પણ છે.

હૈદરાબાદનું નાક, એનું પ્રતીક 'ચાર મિનાર' કે 'મક્કા મસ્જિદ' માટે તો અલાયદું પ્રકરણ કરવું પડે.

મુસા નદીની ઉત્તરનો ભાગ નવું શહેર છે, જે અદ્યતન છે. ત્યાં ફૅશનેબલ શોપિંગ સેન્ટર છે, અદ્યતન સિનેમાઘરો છે ને વિશાળ બગીચા પણ છે. નોબત પહાડ ને હુસેન સાગરના બંધ પર સરી જતી સડક-કટ્ટો મુંબઈનું ચોપાટી. એની પૂર્વ બાજુએ બહુ જ મોટા બગીચાનું આયોજન કર્યું છે.

આવી સ્થૂળ માહિતી તો દરેક શહેરની હોય છે. ઊડીને આંખે વળગે તે છ ત્યાંનો નવાબી મિજાજ. અલબત લખઉના મિજાજને એ ટપી ન શકે. લખનઉની બારાદરી ને ત્યાંની શાહિરી માટેની જાનફેસાની કદાચ હૈદરાબાદમાં પ્રમાણમાં ઓછી દેખાય, છતાં અહીંના લોકોની જબાન, એટલી તો મુલાયમ છે કે બરછટ મુંબઈગરાને તે પીગળાવી શકે. એમને પોતાના શહેર ને નવાબીનું હજી પણ અભિમાન છે. હજી પણ તેઓ નવાબીને એક સૂતેલા ઉમંગને ભાવપૂર્ણ મને યાદ કરે છે. મુંબઈ જેવાં મેટ્રોપોલિસ શહેરો બધી રીતે ચડિયાતાં હશે. છતાં હૈદરાબાદીઓ તો વ્યોમદીપ રવિ, નભબિંદુ, તો ઘરદીવડા શા ખોટા, ગો.મા. ત્રિપાઠીની એ પંક્તિનું રટણ કરી પોતાના શહેર માટે ગર્વ અનુભવે છે ને એનો મલાજો જાળવે છે.

નિઝામશાહીમાં પર્શિયન કલ્ચર ફૂલ્યુંફાલ્યું ચારસો વર્ષના એના અસ્તિત્વની યાદ દેવડાવે છે. લોકોની મુલાયમ જબાન ને તેમના કળાભિમુખ અભિગમથી સાથેસાથે તેલુગુ સંસ્કૃતિ જે અતિપ્રાચીન છે તે પણ એટલી જ ફૂલીફાલી છે. હવે તો એની બોલબાલા છે. તેલુગુ ભાષાના કક્કાનો ક ન જાણનારને એ સાંભાળવામાં મજા આવે. દક્ષિણની ચાર મુખ્ય ભાષામાં કદાચ તામિળ જેટલી મીઠી ને સુસંસ્કૃત બીજી કોઈ ભાષા નથી. દુનિયાની લગભગ દરેક મુખ્ય ભાષાઓ સાંભળવાનો અવસ્ત થયો છે. ધ્વનિમાધુર્ય (Phonetically) સંસ્કૃત બાદ કરતાં ફ્રેંચ, પર્શિયન ને તમિળ જેવી કોઈ ભાષા મીઠી નથી લાગી.

ભણતર અહીંના લોકો સારી રીતે પચાવી શક્યા છે. એમને તે સહજ છે. યુનિવર્સિટીની ડિગ્રીનો ભાર પ્રમાણમાં ઓછો છે. એક હૈદરાબાદનિવાસી મિત્રે વાત કરી કે ત્યાંની યુનિવર્સિટીમાં શીખવતા એક પ્રોફેસરને ઘરે એ પ્રથમ ગયા ત્યારે એ પ્રોફેસરનાં સાહજિક આવકાર ને વર્તન જોઈ એમણે એ બાઈ ને પહેલા ઘરની કોઈ નોકરાણી સમજી લીધેલી! જ્યાં પરિપક્વતા હોય ત્યાં સાહજિકતા સહજે આવે. આવો જ એક અનુભવ ઘણાં વર્ષો પૂર્વે અમે શ્રીનગરમાં કર્યો. ત્યાં સ્થાયી થઈ ધંધો કરતું એક કુટુંબ ઓળખીતું. એમને ઘરે ગયા. એમની પત્નીએ પ્રમાણમાં સાવ સાદાં વસ્ત્રો પહેરેલાં ને એમની રીતભાત પણ સાવ સરળ. મારા મિત્ર જરા ઉતાવળે પૂછી બેઠા કે એમની અન્ય બહેનો ભણેલા ને તમે કેમ ન ભણ્યાં ? સાવ સહજ ભાવે એમણે કહ્યું કે તેઓએ સંસ્કૃતમાં પિએચડી કર્યું હતું ને થોડાં પુસ્તકો પણ લખ્યાં હતાં!

સામાન્ય રીતે એવું વર્તાય છે કે લોકો પોતાના ભણતર, સામાજિક કે રાજકીય મોભો કે પ્રતીભાનો અંગરખો હંમેશ માટે પહેરી રાખે છે ને ક્યારેય - ઘરમાં પણ ઉતારતા નથી. ડૉક્ટર, વકીલ, વેપારી કે નેતા એના કાર્યસ્થળે

પોતાના હક્કોને મોભાને વળગી રહે ને તે પ્રમાણે જ વર્તે એ જેટલું ઈચ્છનીય છે એટલું જ ઈચ્છનીય એ પણ છે કે પોતાના કાર્યક્ષેત્રની બહાર તે ફક્ત સમાજનો એક અદનો સભ્ય જ બની રહે. સામાજિક સમારંભમાં ન કોઈ ડૉક્ટર, વકીલ કે સામાજિક કાર્યકર કે નેતા હોઈ શકે. ત્યાં હોઈ શકે ફક્ત સમાજના સભ્યો જ. ડૉક્ટર ઘરમાં પગ મૂકે કે તરત એણે પહેલાં પોતાની ડૉક્ટરીનો ઝભ્ભો - મોભો - ઉતારી ખીંટીએ લટકાવી, એણે પિતા,પુત્ર, પતિ કે પત્ની બની જવું જોઈએ. જો ઘરમાં પણ ડૉક્ટર રહેશે તો એ ઘરના સભ્યોથી અલગ થઈ જશે. એનાં બાળકોને એ પિતા નહિ દેખાય, ફક્ત ડૉક્ટર જ દેખાશે ને તેઓ ક્યારેય એના ખોળામાં બેસી પિતાની છત્રછાયા નહિ માણી શકે. બહુધા સામાજિક ને રાજકીય વ્યક્તિઓ આવો ઝભ્ભો ક્યારેય ઉતારી શકતી નથી.

શાન્તા (હેર્લેકર) કશાળકર! એવી તો કંઈકેટલી શાન્તાઓ આ શહેરે સંઘરી હશે. છતાં મને એ કેમ યાદ આવી? હા, શાન્તા મરાઠી સાહિત્યના મહાપંડિત, કવિ ને મુંબઈ યુનિવર્સિટીનાં પહેલા D.Sc. ડૉ. માધવ જુલિયન (પટવર્ધન)ની પ્રેયશી ! હૈદરાબાદ શહેરમાં એણે પોતાની ઉત્તરાવસ્થા શિક્ષિકા તરીકે ગાળેલી. કેવી હશે એ શાન્તા હેર્લેકર, જેના પર આ મહામાનવે પ્રેમ કર્યો, વિયોગ વેઠ્યો, જિંદગીભર અપરિણીત રહ્યો. એના સર્જનમાં એ વિયોગની અસર લાવી શક્યો ! એની કવિતામાં કલાપી કરતીં પણ વધારે દર્દ લાવી શક્યો. કલાપીની ગઝલોનો એણે મરાઠીમાં ભાવાનુવાદ પણ કર્યો. એમની કવિતાની થોડીક પ્રસાદી.

તુમ્હી દ્યા અશ્રુલા અશ્રુ, તુમ્હાલા અર્પિતો ચાવી,
પુઢે મારા સુરા વક્ષીં ન ત્યાલા ગાઠિંતો આમ્હી.
કોઠે તરી જાએં, બસુની શીઘ્ર વિમાનીં
અજ્ઞાત ઠિકાણીં
સ્વાતંત્ર્ય જિથે, શાન્તિ જિથે,
પ્રેમ ફેમાની તેથે ચલ રાણી!

*(સદ્‌ગત લિખીત સાહિત્ય-સંચયમાંથી સાભાર)*

---

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**
સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૫
**પગદંડી**
અંક : ૦૮ નવેમ્બર ૨૦૨૨
-: માનદ્ તંત્રીઓ :-
**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**
મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org
ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪
**-: લવાજમ :-**
૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# બિચ બિચ રાખું બારી

ડૉ. ગુલાબ દેઢિયા

જીર્ણ, મૂક, ઝાંખા અને બંધ મકાને મારું અચાનક ધ્યાન ખેંચ્યું. અગાઉ એની પાસેથી ઘણી વાર આવતો-જતો. એ પથ્થરના મજબૂત વિશાળ મકાનને ઉદાસ ચહેરે ઊભેલું જોયું હતું. આજે નોખી છટા હતી. મકાનનું સમારકામ થતું હતું. તેથી કંઈ બહુ ધ્યાન જાય એવું નહોતું. આજે એ મકાનની ત્રણે દિશાની મોટીમોટી બારીઓ ખૂલી ગઈ હતી, ખીલી રહી હતી, એમણે મને આંતર્યો હતો. મકાન મરકતું હતું. ખિન્નતા ઊડી ગઈ હતી. હવે એ પ્રાચીન, ભવ્ય લાગતું હતું. આજે થયું કે એ કોઈનું જાજરમાન ઘર છે. બારીઓ ખૂલી એ જ એનો જીર્ણોદ્ધાર હતો.

ઘર બનાવનારે સંસ્કૃતિનો પાયો નાખ્યો અને બારી સર્જનારે વસવાટની સંસ્કૃતિનો કળશ ચડાવ્યો એવું લાગે છે. બારી ઉઘાડવા લંબાયેલા હાથ ચારુ લાગે છે. બારી ઉઘાડતાં હાથને જોઉં છું ત્યારે મને અજંટા ઈલોરાના હસ્તમાં પદ્મ ધરેલાં ચિત્રની રમ્ય યાદ આવે છે.

કોઈની બારી રોકવી, બારી આંતરવી, બારી આડા પડવું એ મહાપાપ છે. ઘરમાં દીવાનખાનું ન હોય તોય કદાચ ચાલે, નોખું રસોડું ન હોય તોય ચાલે, માળ-મેડી ન હોય તોય ચાલે, ઘરમાં ઓછું રાચરચીલું હોય તોય ચાલે, ભોંય ઊખડી ગઈ હોય, ભીંત પરથી પોપડાં ઊતરતાં હોય તોય ચાલે, પણ બારી વગર ઘરને ન ચાલે. બારી એ તો ઘરનું નાક છે. નાક વગર તો શ્વાસ જ ક્યાંથી લઇ શકાય! બારી ઘરની પાંખો છે. ઘર ક્યારેક ગગનવિહાર કરે છે, મહાલે છે, મહેકે છે તે બારીને કારણે.

અને તેથી જ્યારે કોઈ જીવતો માણસ પોતાના ઘરની બારી ન ખોલી શકે ત્યારે એ કેવો સોરવાતો હશે!

તમે હીંચકે બેસો તો મજા પડે, પણ હીંચકે બેસવા ન મળે ત્યારે બારીને ખોળે બેસો તોય એવું જ લાગે. સમય સંગાથે ગોઠડી કરવી હોય તો બારીએ બેસીએ. આપણને લાગે કે આથમતા પીળચટ્ટા સોનેરી અજવાળા સાથે, સાંજની લાલીમા સાથે આપણે વાતો કરીએ છીએ, પણ ખરેખર તો બારી જ વાતો કરતી હોય છે. ખોળે બેઠેલા શિશુને એવું લાગે એ સ્વાભાવિક છે. બારીને વાયરો ઓળખે, ચકલી ઓળખે, ખિસકોલી ઓળખે, તડકો ને ચાંદની

વારાફરતી બારીને વહાલ કરે. ધૂળ અને પતંગિયા પણ બારીની મિત્રમંડળીમાં જ આવે. અવાજો માટે તો એ જ ખૈબરઘાટ ને એ જ બોલનઘાટ.

છાત્રાલયનું અમારું જીવન મિશ્રરંગી હતું. અલ્લડ જિંદગી છતાં બંધન તો પાર વગરનાં. અમુક વેળાએ જ અમુક કરવાનું ને અમુક ન જ કરવાનું. બન્નેના ઉલ્લંઘન માટે સજા પણ ઠરાવેલી. છાત્રાલયમાં ભોંયતળિયે અગિયાર નંબરનો રૂમ વિશેષ ગમતો. ત્યાં પછીતે એક મોટી બારી હતી. બારીઓ તો મોટીમોટી અમારાથી પણ ઊંચીઊંચી બધા ઓરડાઓમાં હતી, પણ આ બારી વિશેષ હતી.

ગણેશોત્સવ વખતે માટુંગામાં રસ્તા પર પડદા બાંધીને ફિલ્મો દેખાડાતી. છાત્રાલયમાંથી રાતે બહાર જવા પર બંધી; પણ બંદા કોને કહ્યા છે ! એ સમજુ ઉદાર બારીના મજબૂત લાંબા સાત સળિયાઓમાંથી એક સળિયો વહેલો જ પોબારા ભણી ગયો હતો. જગા પૂરતી હતી. અમારા બટુક દેહ એ સંકડાશમાં મોકળાશ કરી સરકી જતા. શ્રાવણ-ભાદરવાનાં ઝાપટાં પડે, બ્લૅક ઍન્ડ વાઇટ ફિલ્મ મનમાં અવનવા રંગ પૂરે; ફિલ્મ અને આ રીતે છટકવાની મજા દ્વિગુણિત હતી.

છાત્રાલય છોડ્યા બાદ એ બારીને ઘણી વાર જોઈ છે, પણ એમાંથી ફરી છલાંગી શકે એવો દેહ ક્યાં હતો ? શંકા જાય છે કે આટલી સાંકડી જગામાંથી અમે પસાર થઈ જતા હતા કે ! વીતી ગયેલો સમય હાથતાળી ને વિસ્મય દઈ જાય છે.

વિદ્યાલય, ધર્માલય, પુસ્તકાલય અને સભાગૃહ બારીઓથી ધન્ય થાય છે. આવતી કાલે ઊઠીને કોઈ એવું પ્રતિપાદિત કરી દે કે વધુ બારીઓવાળી શાળાનું પરિણામ સારું આવે છે તો નવાઈ નહિ.

ખડકી ડેલીના ઊંચા દરવાજા તો રોજ ખુલ્લા ન રહે ત્યારે એની દીકરી જેવી બારી ઉઘાડી રાખે છે. જેમાં નીચા નમીને આવન-જાવન થાય છે. આવાં પ્રવેશદ્વાર મનમાં નોખો ભાવ જગાડે છે. નમતી વખતે નમતા આવડી જાય તો કામનું.

દ્વાર તો ગદ્ય જેવું છે. એને ગંભીર રહેવું પડે, વ્યવહાર સાચવવો પડે, નીતિ-નિયમો જાળવવા પડે, ઉપયોગિતા પુરવાર કરવી પડે, આવાગમનને સમજવી પડે. તેથી બારણાં માપસરનાં શોભે. બારી તો પદ્ય જેવી છે. બારણાં હંમેશાં વયસ્ક, ઠરેલ અને ધીરગંભીર લાગે. બારી ચિરયૌવના છે. બારીને સ્થાન અને આકારમાં ભારે છૂટ. નાની, મોટી, ચોરસ લંબચોરસ, ગોળ બધી જ શોભે. ઉપર, નીચે વચમાં ગમે ત્યાં ચાલે. ઊઘડવું એનો ધર્મ.

ઘરની પછીતમાં બે નળિયાનો નળાકાર બનાવી બનાવેલી બારી યાદ આવે છે. નાની, નટખટ અને ઘૂઘવતી હવાની બહેનપણી વજ્રસમ કઠોર ભીંતો, કુસુમસમ મૃદુ બારીઓ છે એ ગૃહ નિર્માણની કેવી મોહક કળા છે!

કવિ, લેખક, ચિત્રકાર, ચિંતક, અરે! જેણે પણ સપના સાથે કામ પાડવું છે એને પૂછી જુઓ, એક સંગિની લેખે તે પોતાની પ્રિય બારીનું નામ કહેશે.

પ્રવાસમાં બારી પાસેની બેઠક કદી ખાલી દીઠી છે? બારી પાસે બેઠેલો અન્યની ઇર્ષ્યાની ભોગ બનવાનો. પ્રવાસને સ્મરણીય બનાવનાર પરિબળોમાં એક નામ બારીનું પણ છે. કયા વાહનની બારી સૌથી વિશાળ હોય છે? ટ્રેન કે બસની, ના, ના, વિશાળ બારી તો બળદગાડાની હોય છે. આખોય રસ્તો, આખી સીમ, આખોય વગડો બારી જેવો સામે જ દેખાય. ખુલ્લું બળદગાડું એ અસીમ બારી.

બીજા આવનારા છો બારણેથી આવે, પણ ઋતુઓ તો બારીમાંથી જ સીધો ભૂસકો મારવાની. પ્રતિદિન ઉગમણી બારી ખૂલે છે અને સૂર્ય જેવો જીવનદાયી ઉપહાર મળે છે. બાળ રવિનું દર્શન દિનભરને ધન્ય કરે એવું હોય છે. અંદર–બહાર અવરોધ એવા વધ્યા છે કે રોજેરોજ એ ભવ્ય દર્શનથી વંચિત થતા જઇએ છીએ. કોઈ સહજ પૂછે કે, ''તમે છેલ્લી વાર સૂર્યોદય ક્યારે નિહાળેલો?'' શો ઉત્તર દઈશું? કે પછી નયનને ભૂમિ તરફ ઢાળી દઇશું?

ક્યાંક ફૂલરૂપે, ક્યાં ફલરૂપે, ક્યાંક પર્ણરૂપે તો ક્યાંક કિરણરૂપ બારીઓ ખૂલતી જ રહે છે. અત્યારે તો ખેતરોમાં કાલાં બારી ખોલીને દૂધ જેવું શ્વેત મલકી રહ્યાં છે.

જે માણસ વાત દ્વારા બારી ખોલે છે એની પાસે બેસવાનું ગમે છે. જ્ઞાનની વાત હોય કે જીવનસંઘર્ષની વાત હોય ત્યારે ઊઘડે તો એક બારી જ છે. બારણાંની તડ પ્રકાશ માટે તો આગવી બારી છે. અંધારી રાતે ફાનસ લઈને ચાલતો માણસ બારી લઈને ચાલતો હોય એવું લાગે છે.

જે બારીએ મીરાંબાઈ ઊભાં હશે એ બારી કેવી ધન્ય થઈ ગઈ હશે! કારણ કે એ બારીમાંથી એમને શું જોવું હતું:

**ઊંચે ઊંચે મહલ બનાઉં,**
**બિચ બિચ રાખું બારી;**
**સાંવરિયા કે દરશન પાઉં,**
**પહિર કુસુમ્બી સારી રે!**
**મ્હાંને ચાકર રાખો જી!**

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

# વણપોંખાયેલા, દેશભક્ત કચ્છીઓની ન્યોચ્છાવરી ! - ૩

પ્રવીણચંદ્ર શાહ

## વંદન મસ્તકથી, નમન હૃદયથી

બ્રિટિશ સરકારે આખાય દેશને એક વિરાટ, ભયભરપૂર, અટકાયત છાવણી અને જંગી જેલમાં ફેરવી નાખ્યો હતો. દેશભરના ક્રાંતિકારીઓ, યુવાનો અને યુવતીઓએ બ્રિટિશ હકૂમત હેઠળના હિંદુસ્તાન અને કાશ્મીર કે કચ્છ જેવાં છસો દેશી રજવાડાંઓમાં ઉલ્કાપાત સર્જી દીધો હતો. બ્રિટિશ વહીવટી તંત્રને સમૂળગા જ ખોરવી નાંખવાના હિંમતભર્યાં, જાનલેવાં સાહસો ઠેર ઠેર થતાં હતાં. રેલવે, ટપાલ, ટેલિફોન, પોલીસ, લશ્કર ત્રાહિમામ્ થતાં જતાં હતાં. સમગ્ર દેશ પર મુકમ્મલ આઝાદીની તમન્ના સુનામીની જેમ ફેલાઈ ચૂકી હતી.

આવા વાતાવરણ અને અનિશ્ચિતતાઓ વચ્ચે વેરસીભાઈ પર એક વધુ જવાબદારી નખાઈ. દેશભક્તિની લગનવાળા વેરસીભાઈએ એ પણ હસતે ચહેરે સ્વીકારી લીધી. એમને આ જવાબદારી સોંપનાર હતા ‘ઈન્ડિયન એક્સપ્રેસ’ અખબાર સમૂહના ઝૂંઝાર માલિક શ્રી રામનાથ ગોએન્કા, જેમનાં પોતાનાં અખબારો બ્રિટિશ સરકારનાં કટ્ટર વિરોધી અને ગાંધીજીની કૅંગ્રસને ધરખમ સમર્થક હતાં. મુંબઈમાં ‘હિંદ છોડો’ના જબ્બરજસ્ત આંદોલનની બ્રિટિશ સરકાર સામેની લોકલડતના સમાચારો ખાનગી રીતે તૈયાર કરાતી પત્રિકાઓ અને બુલેટિનો દ્વારા મુંબઈની પ્રજા સુધી પહોંચાડવાનું જરૂરી કામ વધુ ને વધુ મુશ્કેલ અને દુષ્કર બનતું જતું હતું. એટલે મદ્રાસમાં ખાનગી પ્રેસ નાખવાનું નક્કી કરાયું હતું જેથી મદ્રાસથી ‘હિંદ છોડો’નાં ક્રાંતિકારક આંદોલનોની વિગતો, માહિતીવાળી પત્રિકાઓ, બુલેટિનો, સાહિત્ય, પુસ્તિકાઓ વગેરે છાપીને મુંબઈ અને બીજાં સ્થળોએ પહોંચાડી શકાય. રામનાથજી ગોએન્કાએ આ કામગીરી માટે વેરસીભાઈને યોગ્ય અને વિશ્વાસપાત્ર ગણ્યા. આ બધી સ્ફોટક પ્રવૃત્તિઓના અમલ માટે મુંબઈથી એક સક્રિય ગુપ્ત કાર્યકર શ્રી આપ્ટે મદ્રાસ આવ્યા. શ્રી ગોએન્કાએ એમનો હવાલો વેરસીભાઈને સોંપ્યો. ૪૨’-૪૩’ની બ્રિટિશવિરોધી, દેશભક્તિની ગુપ્ત અને ઉઘાડી પ્રવૃત્તિઓમાં

કચ્છી હિંમતવાન, સાહસિક વેપારી વેરસીભાઈ કરમસી છેડા વધુ ને વધુ ગૂંથાતા ગયા અને રાષ્ટ્રીય ચળવળના દરિયામાં ઠલવાતી એક મહત્ત્વની નદી બનતા ગયા.

શ્રી આપ્ટેના મદ્રાસ ખાતેના ગુપ્તવાસની બધી ગોઠવણો વેરસીભાઈએ કરી. આપ્ટેને ખાનગી પ્રેસની જગ્યા અપાવી. મદ્રાસમાં એમના ભોજન અને રહેવાની સગવડો ઊભી કરાવી આપી. એ અરસામાં મદ્રાસમાં શિપિંગ-લાઈનમાં કચ્છના એક ભાટિયા ગૃહસ્થ શ્રી ત્રીકમદાસભાઈ પણ હતા. ક્રાંતિકારી સાથીઓ અને કાર્યકરોનો સલામતીથી સંપર્ક કરવા ત્રીકમદાસભાઈની ઑફિસના ફોનની વ્યવસ્થા પણ ગોઠવાવી આપી. આપ્ટેને મળવા આવનારાઓ માટે ઉતારાની સગવડ વિલ્લીવાકમ્‌માં પોતાના મકાનમાં વેરસીભાઈ કરી આપતા. બીજી પણ ઘણી સહાય અને સમર્થન પૂરું પાડતાં.

પણ આખરે બ્રિટિશ સરકારની સીઆઈડીની બાજ નજરમાં વેરસીભાઈ, આપ્ટેજી, એમનું છાપખાનું ત્યાં છપાતું ક્રાંતિકારી સાહિત્ય - વગેરે સપડાઈ જ ગયાં. પોલીસે ફોન - સંપર્કોનાં પગેરાં પણ મેળવ્યા. તે વખતનો બહુ આકરો કાયદો ડિફેન્સ ઑફ ઈન્ડિયા 'ઍક્ટ' હેઠળ વેરસીભાઈ, આપ્ટેજી કચ્છી ભાટિયા ત્રીકમજીભાઈની ધરપકડો થઈ અને એમને વેલોરની જેલમાં પૂરી દેવામાં આવ્યા. એમના વેલોર જેલવાસ દરમ્યાન એમની સાથેના બીજા દેશાભિમાની કેદીઓમાંના એક શ્રી વેંકટરામન પણ હતા, જેઓ પછીનાં વર્ષો દરમ્યાન મદ્રાસ પ્રધાનમંડળમાં અને મધ્યસ્થ સરકારના પ્રધાનમંડળમાં મંત્રી બન્યા હતા અને પછી ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા.

વિશ્વયુદ્ધ પૂરું થયું. બ્રિટિશ સરકાર ઈંગ્લેંડની લેબર પાર્ટીની મુખત્યારીવાળી બની. એ પાર્ટીની નીતિ ભારતીય જનતા સાથે ઘર્ષણને ટાળવાની અને ગાંધી -કૉંગ્રેસ-જિન્ના-લીગ સાથે વાટાઘાટો કરી ભારતની આઝાદી સંબંધે નિર્ણય લેવાની હતી. દેશના સર્વોચ્ચ નેતાઓને બ્રિટિશ સરકારે છોડવા માંડેલા. તે વખતની ઈન્ડિયન નેવીના બળવાએ પણ બ્રિટિશ સરકારને હચમચાવેલી. બ્રિટિશ ઝુલ્મ, જાપ્તા અને ગળાદાબ સરકારી નિયંત્રણો પણ ક્રમેક્રમે હળવાં બનાવાતાં ગયાં. ૯ મહિનાના જેલવાસ પછી વેરસીભાઈ અને એમના જેવા બીજા રાષ્ટ્રભક્ત, દેશાભિમાનીઓને પણ આગળ-પાછળ મુક્ત કરાતા ગયા. વેરસીભાઈ કરમસી, ગામ શેરડીવાળાને એમના જેલવાસને કારણે જબ્બરજસ્ત ધંધાધારી નુકસાન અને ખોટના ફટકા સહન કરવા પડ્યા. ધંધા-

વેપારની નુકસાની ઘણી મોટી હતી. એમના બંગલાઓ પર સરકારની કિન્નાખોરીવાળી જપ્તીઓ આવી હતી. વિશ્વયુદ્ધ વખતની સાર્વત્રિક અછતના સમયે પણ એમની કંપની પાસે સોનાની લગડી જેવા કાયદેસરના ઈમ્પોર્ટ-એકસપોર્ટ ક્વોટાઓનાં ઘણાં લાયસન્સો હતાં તે પણ સ્થગિત કરી દેવાયાં હતાં. તેમની કેટલીક મિલકતો એમને ઘણી તકલીફો પછી માંડમાંડ પાછી મળી ખરી, પરંતુ દેશસેવાની લગન ને કારણે થયેલી ધંધાકીય, આર્થિ નુકસાની ઘણી જંગી હતી. તે ભરપાઈ કરવા એમણે પોતાની મિલકતો વેચી નાખવી પડી હતી. દેશાભિમાની દેશભક્ત કચ્છી ધૂરંધર વેપારી વેરસીભાઈ કરમસી છેડાનું પોતાનું જે હતું, તે તમામ દેશની સેવામાં, દેશને ચરણે ન્યોચ્છાવર થઈ ગયું હતું. નવેસરથી ધંધો શરૂ કરતા હાથમાં મૂડી નહોતી. પરિચિત શુભેચ્છકો પાસેથી મૂડી માગવાનું એમના સ્વભાવ અને કચ્છી-અતવાળા ઉછેરમાં બેસતું નહોતું. શું કરવું- તેનો વિચાર–વિમર્શ મિત્રો સાથે કરવા મદ્રાસથી વેરસીભાઈ કરમસી મુંબઈ આવ્યા.

બ્રિટિશ સરકારના પાયા હચમચાવી નાખનારી ૧૯૪૨ની દેશવ્યાપી ઉગ્ર લડતના અડીખમ સૈનિક તરીકે ઝઝૂમતાઝઝૂમતા પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેનાર વેરસીભાઈ કરમસી આર્થિક અને ધંધાદારી રીતે લોહીલુહાણ થઈ ચૂક્યા પછી હવાફેર માટે મદ્રાસથી મુંબઈ આવ્યા. ફરીથી કેમ બેઠા થવું, એ મુખ્ય ચિંતા હતી.

મુંબઈ ખાતે પણ એમના શુભેચ્છકોનું મિત્રવર્તુળ ગણનાપાત્ર હતું. એમના નિકટના મિત્રો અને શુભેચ્છકો શ્રી લીલાધર પાસુ (ચાંગડાઈવાળા) અને શ્રી મેઘજીભાઈ વિજપાર ગાલા (રાયણવાળા) અને બીજા મિત્રોએ પોતપોતાની મર્યાદામાં હૈયાધારણ આપેલી. પરંતુ પોતાની વેપારી તરીકેની કારકિર્દીના શ્રેષ્ઠ વર્ષો દક્ષિણ ભારત - મદ્રાસમાં - ભોગવનાર વેરસીભાઈને વિવિધ કારણોસર મુંબઈ રાસ આવતું નહોતું, ગોઠતું નહોતું. એટલે ૪૮માં વેરસીભાઈ મદ્રાસ પાછા પહોંચી ગયા. વ્યાપાર-ધંધા અને લેણી-દેણી સંબંધે મોટી-નાની અનેક વિમાસણો, ચિંતા અને બોજા છતાં પણ ધૈર્યવાન અને સિદ્ધાંત-પરસ્ત પ્રામાણિક દિલદાર કચ્છીએ નવેસરથી પોતાના મૂળ ધંધાની પુનઃ શરૂઆત કરી. વ્યાપાર અને વ્યહવારની નવી ઈમારત એક એક ઇંટથી ખડી કરવાનો પડકાર એમની સામે હતો. ગમે તેવા પડકારને ઝીલી લેવાનું વેરસીભાઈના લોહીમાં હતું.

આઝાદી મળ્યા પછીના મદ્રાસ રાજ્યના પ્રધાનમંડળમાં વેરસીભાઈના વેલોર જેલના

સાથી શ્રી વેંકટરામન ઉદ્યોગપ્રધાન બનેલા. આઝાદી મળ્યા પછીની નવી કેન્દ્ર સરકાર સ્વતંત્રતા-સંગ્રામ દરમ્યાન જેમનાં લાઈસન્સ/ક્વોટા જપ્ત થયાં હતાં તેમને ફરીથી રિ-વેલીડ (તાજા) કરી આપવાની નીતિ અમલી બનાવી હતી. વેરસીભાઈની દેશભક્તિ, પ્રામાણિકતા, ધૈર્ય અને કુરબાનીને જેલનિવાસ પહેલાંના દાયકાઓથી પણ શ્રી વેંકટરામન્ જાણતા હતા, કેમકે બન્નેનાં કાર્યક્ષેત્ર એક જ હતાં. વેરસીભાઈને નવાં સરકારી લાઈસન્સ/ક્વોટા આપવાની દરખાસ્ત કરી. એ અરસામાં આવાં લાઈસન્સો/ક્વોટા મેળવવા કે લેવા એ વેપારીઓ માટે તો લાખ્ખોની લૉટરી સમાન હતાં, જેમણેજેમણે આવાં લાઈસન્સો/ક્વોટા મેળવેલાં અને પાંચસો/સાતસો ટકાના પ્રીમિયમથી સરકારી નીતિ અને નિયમો પ્રમાણે જ ઓપન માર્કેટમાં વેચેલાં તેઓ રાત વચ્ચે શ્રીમંતાઈમાં આળોટતા થઈ ગયેલા અને થતા જતા હતા. વેરસીભાઈ સિદ્ધાંત અને પ્રામાણિકતાના અડગ આગ્રહી હતા, બલકે, હઠાગ્રહી હતા. પોતાના સાચ્ચા હક્કની રૂએ થતાં લાઈસન્સ/ક્વોટા એમણે સ્વીકાર્યાં, પણ તે સિવાયની તમામ સરકારી સવલતો, સગવડો, ધન કમાવાની કૉંગ્રસના ઉદ્યોગ અને વેપારપ્રધાન શ્રી વેંકટરામનજીની ઑફર્સનો સવિનય ઈનકાર કર્યો. પોતાના રાજકીય સંપર્કોનો લાભ એમણે પોતાના અંગત હિત કે ધનપ્રાપ્તિ માટે કે સામાજિક - રાજકીય સ્થાન કે હોદ્દા મેળવવા ઉપયોગ ન કર્યો તે ન જ કર્યો.

પોતાના કાયદેસરના આગલા હક્ક/દાવાની રૂએ મળેલાં લાઈસન્સ/ક્વોટાની કમાણીને કારણે અને પોતાની ધંધાધારી કુશળતાથી ફરી તેઓ આર્થિક રીતે બેઠા થયા, સ્થિર થયા, એટલું જ નહીં, સિદ્ધાંતનિષ્ઠા, પ્રામાણિકપણું સાચવીને પણ સદ્ધર બનેલા. ઈ.સ.૧૯૬૨માં એમનું અવસાન થયું. એક સાહસિક, કોઠાસૂઝવાળા, સિદ્ધાંતનિષ્ઠ, પ્રખર દેશભિમાની, દેશભાંડુઓ માટે, આઝાદી માટે, ક્રાન્તિ માટે કેટલા પ્રમાણમાં ન્યોચ્છાવરી કરી શકાય છે, તેનું સુવર્ણ પૃષ્ઠ તેઓ નિરાભિમાને, વિનમ્રતા અને પોતાનું શીર ઊંચું જ રાખીને કલમ વગર, પોતાનું ખુદનું જ દ્રષ્ટાંત બેસાડીને ચરિતાર્થ કરતા ગયા.

એમના સુપુત્ર શ્રી મંગલભાઈ વેરસી છેડાએ મહારાષ્ટ્રના (સાંગલી પાસેના) માધવ નગરને કાયમી વસવાટ સ્થાન બનાવેલું. પાવરલૂમના ઉદ્યોગની માધવ નગરમાં શરૂઆત કરનાર તેઓ સૌ પ્રથમ હતા. શ્રી મંગલભાઈ પણ પરગજુ, સામાજિક સક્રિય કાર્યકર હતા. એમના નિધન વખતે પૂરા માધવ નગરે સ્વૈચ્છિક બંધ પાળ્યો હતો. સ્વાતંત્ર્ય-સેનાની કે સૈનિકો તરીકે ભોગ આપનારાઓને, હસતે ચહેરે તબાહી ભોગવનારાઓને, શહીદી વહોરી લેનારાઓને વિવિધ પ્રકારે આપણો દેશ, સરકારો અને આમજનતા યાદ કરી લે છે, ઋણ સ્વીકારે છે, ગૌરવ-સન્માન કરે છે. ભારતરત્નથી માંડી

પદ્મશ્રી જેવા ખિતાબો અપાય છે, માન-ચાંદ અપાય છે. એમની સ્મૃતિમાં વિમાનઘરો, ઈમારતો, મુખ્ય ચૌક-ચૌટાઓની દબદબાવાળી નામકરણવિધિઓ થાય છે. તામ્રપત્રો એનાયત કરાય છે. વાર્ષિક પેન્શનો પણ અપાય છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો એમની કક્ષાએ આ બધું કરે છે.

જાહેર સેવાનાં કામો કરતી બિનસરકારી સંસ્થાઓ, રાજકીય પક્ષો, મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, ગ્રુપ-ગ્રામ પંચાયતો પણ પોતાનાં કાર્યક્ષેત્રોમાં પોતાની રીતે દિવંગત દેશભક્તોની કદર બૂઝે છે. પ્રાદેશિક અને રાષ્ટ્રીય અસ્મિતાને ગૌરવ અપાવનારા શ્યામજી કૃષ્ણ વર્મા જેવાં વતનપરસ્તોની પ્રેરણાદાયી સ્મૃતિને કાયમ રાખવા યુનિવર્સિટીઓ સાથે એમનાં નામો સાંકળીને તાજાં રખાય છે. રખાવાં જ જોઈએ.

પણ કચ્છીઅત શબ્દથી આત્મગૌરવ અનુભવતા કચ્છ સ્થાનિકના કે કચ્છ બહાર ઠરીઠામ થયેલા કચ્છીઓએ વેરસીભાઈ કરમસી છેડા જેવા નામી-અનામી કચ્છીઓને ક્યાંય જાહેરમાં પોંખ્યા છે? સ્મરણાંજલિ પણ આપી છે ખરી? બદલાની કોઈ જ આશા કે અપેક્ષા વગર દેશની આઝાદીની લડતોમાં જેમણે પારાવાર સહન કર્યું, પારિવારિક, ધંધાધારી, આર્થિક, સામાજિક બરબાદી વેઠી, દેશ માટે, ભવિષ્યની પેઢીઓ માટે પોતાનું બધું કુરબાન કર્યું–એમની ન્યોચ્છાવરીને આઝાદી પછીનાં ૭૫ લાંબાં વર્ષો દરમ્યાન ક્યારેય વંદન અને નમન કરવાનું સૌજન્ય બતાવ્યું છે ખરું? એમની પ્રામાણિકતા, સિદ્ધાંતનિષ્ઠા અને એમણે જલતી રાખેલી કચ્છીઅતની મશાલમાં પાવડુંક ઘી, પૂર્યું છે ખરું? ટમટમતાં દેશાભિમાનનાં કોડીયાંની વાટને સંકોરી છે ખરી?

વંદન મસ્તકથી થાય છે, નમન હૃદયથી થાય છે.

મો.: ૯૯૩૦૬૬૦૨૪૨

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય વિસનજી છેડા - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી

# ઈસ દેશ કો રખના, મેરે બચ્ચો સંભાલ કે

CA સંજય વિસનજી છેડા

ફિલ્મ- ***જાગૃતિ (૧૯૫૪). મોહમ્મદ રફી***નો મખમલી છતાં વેધક અવાજ અને ***તેજાબી કવિ પ્રદીપ***ની એક નમ્ર શબ્દોની રચના. ***હેમંતકુમાર***નું એવું સદાબહાર સંગીત (કારણ આગળ આપું છું). (શક્ય હોય તો આ લેખ વાંચતાં પહેલા ઈન્ટરનેટ પર આ ગીત જોઈ કે સાંભળી લેશો, તો કદાચ તમે પણ મારી જ વેવ લેન્થ પર આ ગીત પર વિચારી શકશો, એના મર્મને માણી શકશો).

આ ફિલ્મ, આઝાદી મળ્યાનાં બસ સાત વર્ષમાં જ આવી હતી અને એટલે એ સમયનો જુવાળ, એ સમયની દેશદાઝની ભાવના, બધું જ અલગ હતું, જાણે કોઈ વડીલ, કોઈ શિક્ષક, કોઈ ગુરુ પોતાની નવી પેઢીને પોતાની સંઘર્ષયાત્રા વિષે જણાવી, દેશ જાણે કુમળું છોડ હોય, અને એનું યોગ્ય જતન કરવાની ભલામણ કરતા હોય એવા ભાવાર્થ સાથેનું સુંદર ગીત.

અને આજે જ્યારે ફરી આઝાદીનાં ૭૫ વર્ષ પછી આપણો દેશ ફરી સોને કી ચિડિયા બનવા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે ગીતના શબ્દો ફરી એટલા જ યથાર્થ લાગી રહ્યા છે. (બધું જ સારું થતું લાગી રહ્યું હોય ત્યારે કઈ અણગમતું ન થઈ જાય એનો ભય, એની માટેની તકેદારી, ગીતની દરેક પંક્તિમાં છલકી રહી છે)

***પાસે સભી ઊલટ ગયે દુશ્મનકી ચાલ કે***
***અક્ષર સભી પલટ ગયે ભારત કે ભાલ કે***
***મંઝિલ પે આયા મુલ્ક હર બલા કો ટાલ કે***
***સદીયોં કે બાદ ફીર ઊડે બાદલ ગુલાલ કે***
***હમ લાયે હૈ તુફાન સે કિશ્તી નિકાલ કે***
***ઈસ દેશ કો રખના મેરે બચ્ચો સંભાલ કે***
***તું હી ભવિષ્ય હો મેરે ભારત વિશાલ કે.***
***ઈસ દેશ કો.....***

***ચીન***ની ખંધી ચાલ હોય કે ***પાક***ના નાપાક ઈરાદાઓ કે પછી ***બાંગ્લાદેશ***ની ઘૂસણખોરી, દરેક દુશ્મનની, દરેક ચાલનો વિશ્વ સામે આપણે ઉઘાડી પાડી  છે. અમેરિકા અને રશિયા, બન્ને સાથે એક મર્યાદાભરી મિત્રતા અને સાથેસાથે વિશ્વના તમામ વગદાર કહેવાય એવા રાષ્ટ્ર સાથે એક સુરક્ષિત અંતર જાળવતા સંબધો.

જાણે ફરી આ પાવન ભૂમિનો એવો સુવર્ણ કાળ શરૂ થયો છે કે દેશના કપાળ પર લખાયેલી

દરેક ગાથાના અક્ષરો સુધ્ધાં બદલાઈ ગયા છે. કોઈ એક પરિવારના એકહથ્થુ શાસનમાંથી કે ચુંગાલમાંથી બહાર આવ્યા બાદ આજે દેશ જ્યારે પરિવર્તનની, આશાવાદની નવી દશા અને દિશા તરફ મીટ માંડી રહ્યો છે ત્યારે એવી અનુભૂતિ થઈ રહી છે જાણે આપણે આપણાં સંતાનોને આ દેશના ગુલાબી સવારની ડોર થમાવી આપણે જ આ ગીતના શબ્દો મમળાવતા હોઈએ.

***દેખો કહીં બરબાદ ના હોયે યે બગીચા***
***ઈસકો હૃદય કે ખૂન સે બાપુ ને હૈ સીંચા***
***રખા હૈ યે ચિરાગ શહીદોને બાલ કે***
***ઈસ દેશ કો રખના મેરે બચ્ચો સંભાલ કે***

બધું જ સારું થઈ રહ્યું છે ત્યારે એવા કેટલાય હશે જેમને આ ''ઓલ ઈઝ વેલ'' ગમતું નહીં હોય અને એટલી આપણી સૌની જવાબદારી બને છે કે આ બાગમાં જ્યારે ભરવસંત આવી હોય ત્યારે કોઈ અનિષ્ટ તત્ત્વો આ બાગને ચૂંથી ન નાખે. કોઈ ફિલ્મમાં એક સંવાદ સાંભળ્યો હતો કે ***''આ એવો દેશ છે, જ્યાં લડવા માટે કોઈ શત્રુએ પોતાની સેના મોકલવાની પણ જરૂર નથી.''*** કોમવાદ, ધર્માંધતા, જાતપાત, અનામત, એવા તો કેટલાય શત્રુ આપણી સાથે જ, આ દેશની ભીતર જ છે અને આ શત્રુઓથી બચવાની, બચાવવાની જવાબદારી આપણી જ છે. વળી સરહદની ઘૂસણખોરી, આતંકવાદ, ગરીબી, ફુગાવો, એવા કેટલાય શત્રુને માંડમાંડ દૂર ફગાવ્યા છે, ત્યારે આપણાં સંતાનોને આટલી ભલામણ તો કરવી ઘટે જ કે

***દુનિયા કે દાવપેચ સે રખના ના વાસ્તા***
***મંઝિલ તુમ્હારી દૂર હૈ, લંબા હૈ રાસ્તા***
***ભટકા ના દે કોઈ તુમ્હે ધોખે મે ડાલ કે***
***ઈસ દેશ કો રખના મેરે બચ્ચો સંભાલ કે***

હજી ગઈકાલના જ સમાચાર છે. એક તરફ આપણી સાથે મિત્રતાનો દાવો કરનાર ***અમેરિકા***ના સરંક્ષણ સેક્રેટરી એક અઠવાડિયા માટે પાકના મિલિટરી ચીફ ***કમર જાવેદ બાજવા***ને સાત દિવસ પોતાને ત્યાં મહેમાન બનાવે છે અને પછી કોઈ સભામાં ***પાકિસ્તાન*** દ્વારા કબજે કરાયેલ કાશ્મીરને આઝાદ કાશ્મીર તરીકે સંબોધે છે. આ બધી વાતનો સાર માત્ર એટલો કે અહીં કોઈ હંમેશ માટે દોસ્ત નથી. બધાને પોતાના સ્વાર્થમાં રસ છે. એટલે જો આ મતલબની દુનિયામાં જીવવું અને જીતવું હોય તો તમારે, અન્યોના સહારા, અન્યોની શક્તિ કે સહાયને બદલે તમારી પોતાની શક્તિઓ, તમારી પોતાની સમર્થતા પર વધુ ધ્યાન આપવું પડશે. સાથે સૌની રહો, પણ પોતાની ઓળખ, પોતાની શક્તિઓનું પણ એટલું જ ધ્યાન રાખો.

લેખની ધારામાં લખતાલખતા ***હેમંતકુમાર***ના સંગીત વિષે જે વાત કરવાની

હતી, એ વિસરાઈ ગઈ. આ ફિલ્મ, આ ગીત અને એના માર્મિક શબ્દો જેટલો જ ઘરોબો આ સંગીત, આ ધૂન સાથે પણ આપણને સૌને છે. (હું નહીં કહું. તમે જ વિચારો. કિશોર મનરાજા દ્વારા ખૂબ પ્રચલિત થયેલું, પિતા માટેનું એક ગીત, દરેક પ્રાર્થનાસભામાં આપણે સૌએ વર્ષોથી આ જ ફિલ્મી ગીતની ધૂન પર સાંભળ્યું છે, માણ્યું છે, મમળાવ્યું છે અને આંખો ભીની પણ કરી છે)

***એટમ બમો કે જોર પે એંઠી હૈ યે દુનિયા,***
***બારૂદ કે ઢેર પે બેઠી હૈ યે દુનિયા,***
***તુમ હર કદમ ઉઠાના જરા દેખ ભાલ કે,***
***ઈસ દેશ કો રખના મેરે બચ્ચો સંભાલ કે...***

આ લખાઈ રહ્યું છે ત્યારે યુક્રેને, રશિયા માટે અત્યંત અગત્યનો એવો એક બ્રિજ ઉડાવી દીધો છે અને બીજી તરફ પુટીનસાહેબ અણુબૉમ્બની બ્રીફકેસ ખોલી ગમે ત્યારે લાલ બટન દબાવવાની ધમકી આપી આખા વિશ્વનો જીવ અદ્ધર કરીને બેઠા છે. (કહ્યું ને, ગીતના શબ્દો સાજે પણ એટલા જ યથાર્થ) એટમ બૉમ્બ, પરમાણુ યુદ્ધ, જીવાણુ અને વિષાણુથી ખેલાતી બાયોલૉજિકલ વૉર. (ઈન્ટરનેટ પર ક્યાંક વાંચ્યું છે, કે ત્રીજું વિશ્વયુદ્ધ પરમાણુથી લડાશે કે વિષાણુથી એની ખબર નથી, પણ ચોથું વિશ્વયુદ્ધ પથ્થરોથી જ લડાશે) આટલાં વર્ષોનો સંઘર્ષ, આટલા પરિશ્રમ, પણ હવે જો વિશ્વયુદ્ધ થયું તો આખું વિશ્વ ફરી પાષાણયુગમાં ધકેલાઈ જશે.

એટલે જ, આપણા માટે બસ એટલું જ સમજવાનું કે બહારની પરિસ્થિતિ વિષમ છે અને વિષમ જ રહેવાની અને એટલે જ આપણી નવી પેઢી માટે આ ગીતમાંથી એટલો જ સંદેશ. કોણ સારું છે, કોણ ખરાબ કોની સાથે નિકટતા રાખવી અને કોની સાથે એક સેફ ડિસ્ટન્સ. બધી વસ્તુઓનો ખ્યાલ રાખીને જ એકએક ડગલું ભરવાનું છે. જરા સી ગફલત અને આજ સુધીની આટલી મહેનત, આટલો સંઘર્ષ, બધું એળે જઈ શકે.

***આરામ કી તુમ ભૂલ ભુલૈયા મેં ના ભૂલો,***
***સપનો કે હિંડોલો મેં મગન હોકે ના ઝૂલો,***
***અબ વક્ત આ ગયા મેરે હસતે હુએ ફૂલોં...***

૬૮ વર્ષ પહેલાંના કવિ પ્રદીપના આ શબ્દો, પણ આ છેલ્લી પંક્તિઓ આજના યુવાનો, આજની એમની મનોસ્થિતિને એટલી જ અનુરૂપ. આપણે સૌએ વર્ષોનાં વર્ષો, બાર કલાક, પંદર કલાક કામ કર્યું અને આજે આ થોડા સારા દિવસો જોવા મળ્યા, પણ આજની નવી પેઢી, હજી અઢાર વર્ષની હમણાં થઈ અને આપણને ***વર્ક-લાઈફ બેલેન્સ***ની વાતો કરવા માંડે. મારા વહાલા, હજી તો તું ઊગ્યો છે, હમણાં માંડ ઊભો થયો અને હજી સાચી મહેનત, સાચા પરિશ્રમનો સમય આવે એની પહેલા તું કોઈ ***મોટીવેશનલ સેમિનાર***માંથી બહાર નીકળી કામ-અંગત જીવન વચ્ચે સંતુલનની વાત કરે છે.

અનુસંધાન પાના નંબર ૪૬

# મહોર - સીલ દ્વારા કચ્છ પ્રાચીનતાનો પરિચય

❋ દલપતરામ દાણીધારિયા ❋

એક ખજાનો હાથ લાગ્યો છે.


❋ સિંધુ સંસ્કૃતિની લિપિકોઈએ ઉકેલી છે?
❋ કચ્છમાંથી કેટલીક મહોરો (સીલ) મળી છે એમાં શું લખ્યું છે?
❋ આર્યો-અનાર્યોનાં યુદ્ધો થયાં હતાં કે નહીં ?
❋ આર્યો બહારથી આવ્યા હતા કે અહીંથી બહાર ગયા હતા?
❋ સિંધુ સંસ્કૃતિનો સમયગાળો કયો ?
❋ વેદકાલીન સમય સાથે કોઈ સંબધ ખરો કે નહીં ?

આ બધાના જવાબ હા છે અને એ લેખ સ્વરૂપે પથિક ધર્મયુગ અને હિન્દી, મરાઠી, સિંધી, સામયિકોમાં એંશી-સો વર્ષ પહેલાં છપાઈ ગયા છે. એના સંદર્ભો સાથેનો ઝેરોક્ષ કાગળિયાઓનો બંચ પદ્મશ્રી નારાયણ જોષી કારાયલજીએ મોકલ્યો છે. તેમાં પુનાના એક વડીલ શ્રી કિશનચંદ્ર જેટલી અને શ્રી ઠાકરશી કંસારા રિટાયર્ડ જજ અંજારનો ઉલ્લેખ છે. તેમની સાથે થયેલ પત્રવ્યવહાર છે. જેટલીબાપા પુનાવાળા તો ભગવાન પાસે પહોંચી ગયા, પણ અંજારવાળા ઠાકરશીબાપાની તપાસ કરવાની છે. ઘણી સંદર્ભબુક્સનાં નામો પણ મળ્યાં છે.

પ્રશ્ન થાય તો જવાબ મળે. શોધીએ તો જડે.

સિંધુ સરસ્વતી ખીણની પ્રાચીન સંસ્કૃતિની લિપિ, અક્ષરો ધોળાવીરાના બોર્ડ ઉપર અને અનેક સીલ (મહોર) ઉપર લખેલા છે એ હજી ઉકેલવાના બાકી છે એમ આપણે જાણીએ છીએ, પણ તે ઉકેલાઈ ગયા છે એવી આપણને ખબર નથી. કચ્છમાંથી કેટલા સિલ કઈ જગ્યાએથી મળ્યા? એની ઉપર શું લખ્યું છે? ધોળાવીરાથી મળેલ પ્રથમ સિલ મહોર કઈ? કયાં છે એનો ફોટો, સાઈઝ, વિગત?


ધોળાવીરાના બોર્ડમાં શું લખ્યું છે? આ સમયગાળાનાં કુલ કેટલાં સ્થાનો કચ્છમાં મળ્યાં છે એની વિગતો, ફોટા, ચિત્રો ક્યાં છે?



સિંધુ સંસ્કૃતિની લિપિ ઘણા વિદ્વાનોએ ઉકેલવાની કોશિશ કરી છે, પણ આજે અહીંયાં. પદ્મશ્રી નારાયણ જોષી કારાયલજીએ મોકલાવેલ એકોતેર પેજના લખાણની માહિતીને આધારે જ વાત કરીશું. તેમાં મુખ્યત્વે પુના-મહારાષ્ટ્રના એક અભ્યાસુ વિદ્વાન શ્રી કિશનચંદ્ર જેટલી જેમને સિંધી સાહિત્યમાં ઐતિહાસિક સંશોધનાત્મક લેખો લખવા બદલ પ્રિયદર્શિની અકાદમી તરફથી ૧૯ સપ્ટેમ્બર, ૧૯૮૭માં એવૉર્ડથી સન્માનિત કરવામા આવ્યા હતા. તેમના લેખો અને પત્રવ્યવહારને આધારે કચ્છમાં મળેલ મહોરોની વિગતો સાથે એ ભવ્ય ભૂતકાળ વિશે આપણે નથી જાણતા એ સમજવાનો પ્રયત્ન કરીશું.



ભાગવત પુરાણને આધારે પુનરોત્થાન ટ્રસ્ટ અમદાવાદ પ્રકાશિત ''સૃષ્ટિનું સર્જન - આપણા પૂર્વજો''નો એક ચાર્ટ ઈ.સં. ૨૦૦૮માં પ્રસિદ્ધ થયેલ છે, જે અત્યારે આઉટ ઑફ પ્રિન્ટ છે. તેમાં આદિનારાયણ પછી બ્રહ્મા અને આદિ ઋષિ કુળો સાથે આદિ પુરુષ સ્વયંભૂ મનુ-શત્રુરૂપાના કંદમઋષિ પછી અત્રિ અને તેના પુત્ર બુધ પછી ચંદ્રવંશ શરૂ થતો દર્શાવ્યો છે. ચંદ્રવંશમાં બુધ-પુરૂરવા-આયુ પછી નહુષનું નામ આવે છે. જે ખિરશા નેત્રા કચ્છ સાઈટ પરથી મળેલી સાથે આપેલ આમુદ્રાના વાંચનમાં નહુષના આરોગ્ય અધિકારીની આ મુદ્રા છે તેવું અર્થઘટન કરવામાં આવ્યું છે.




શ્રી નારાયણ જોષીએ આમાંની કેટલીક વિગતો તેમના પુસ્તક ''ધિલજી ગાલ્યુ''માં આપી છે. શ્રી કિશનચંદ્ર જેટલી દ્વારા સિંધી ભાષામાં તેમણે પ્રસિદ્ધ કરેલ પુસ્તક ''મોહેં-જા-દરો, હડપ્પા સંસ્કૃતિ ઉન્હીયજી સમયુ મુદ્રાની જી લિપિ એં ભાષા'' પ્રકાશનઃ- અખિલ ભારતીય સિંધી સાહિત્ય વિદ્વત પરિષદ, પુના (૧૯૮૫)ની વિગત પણ આ લેખમાં સામેલ કરવામાં આવી છે.

તેઓ જણાવે છે કે વિદેશી વિદ્વાનોના આપણે અનુગ્રહિત છીએ કે આપણા ધૂળ ખાતા નાશ પામવાને આરે આવેલાં સાહિત્ય ને હસ્તપ્રતો ને ગ્રંથોને તેમણે શોધ્યાં મેળવ્યાં વાચ્યાં વંચાવ્યાં. પણ એ પછી જે થયું તેની માઠી અસરમાંથી આજે પણ આપણે મુક્ત થઈ શકયા નથી. તે છે તેમના પૂર્વગ્રહ, સંકુચિત, પક્ષપાતી દૃષ્ટિકોણ અને પોતાની જ માન્યતાઓ સર્વશ્રેષ્ઠ, તે વલણને તેમણે આપણા પર આયોજિત આક્રમણ તરીકે થોપ્યું.

ઈસુ પહેલાં, ખ્રિસ્તી ધર્મ પહેલાં, પાંચ હજાર વર્ષ પહેલાં કાંઈ હતું જ નહીં તેવી તેમની માન્યતાઓને કારણે વેદોનો સમય, આર્ય-અનાર્યના મતભેદો, યુદ્ધો, આર્યોનું આગમન બહારથી વગોરે ચતુરાઈપૂર્વક ઈતિહાસમાં સામેલ કર્યાં.

પણ હવે આપણે સમજી લેવું પડશે કે આર્ય અને દ્રવિડ જાતિવાચક નામ નથી. વિસ્તારની, પ્રદેશની ઓળખ છે અને વિશેષણ છે. આર્ય એટલે સુસંસ્કૃત માણસ. નહીંતર તો ''કૃણ્વન્તો વિશ્વમાયમ'' વેદ-વાક્ય મિથ્યા ગણવું પડે.

બીજી એક વાત આખી ભૂમિકા સમજવા માટે કહી, તે એ છે કે બે હજાર વર્ષ પહેલાં ઈરાક, ઈજિપ્ત, ઇરાન, યુનાન, બલૂચિસ્તાન, અફઘાનિસ્તના, ભારત, પાકિસ્તાન, બ્રહ્મદેશ, ઈન્ડોનિશિયા, આ બધો ભૌગોલિક વિસ્તાર એક રાષ્ટ્ર હતું. જેમ સિંધુ પ્રદેશ એક ભાગ હતો એટલે સિંધીઓ બહારથી આવ્યા એમ નહીં કહી શકાય એમ આર્યો પણ બહારથી આવ્યા એ સાચું નથી.



હડપ્પન અને મોહેં-જો–દરોની મહોરો પરનાં ચિહ્ન અને લિપિનો શ્રી કિશનચંદ્ર જેટલીએ પિસ્તાળીશથી પચાસ વર્ષો સુધી અભ્યાસ કરીને જે તારણો આપ્યાં તે તર્કબદ્ધ છે અને સમજાય તેવાં છે.

ધોળાવીરાની મહોરમાં ત્રણ ડોકવાળુ મૃગ (માશલ, નં. ૩૮૨) અને અનેક મોઢાવાળા નાગની મુદ્રા (મા.નઃ૩૮૩) ગ્રીક ધર્મના મૃત્યુલોકના દ્વારપોળોની છે જેને અંગ્રેજીમાં Cerberus કહેવાય છે. માથા પર શિંગડાવાળી ઊભી મનુષ્યની આકૃતિવાળી મહોર (મા. ૩૫૬) પ્રાચીન ફોનિશિયન બાળ દેવતાની છે. ફિનિશિયન એટલે એ લોકો જેની એક વસાહતના અવષેશો દેશલપર પાસે મળ્યાના એક લેખમાં ઉલ્લેખ છે. હરપ્પા જેવા મોટા શહેરમાં ફોનિશિયન અને ગ્રીક લોકો પણ રહેતા હશે. જેમ આજે મુંબઈ જેવા મોટા શહેરમાં બધાં રાજ્યો, જાતિનાં લોકો રહે છે તેમ. એકશૃંગી મૃગની ગણના એ વખતે રાષ્ટ્રીય પશુ જેટલી મહત્ત્વની હશે,

કારણકે ધોળાવીરામાં જ એકશૃંગીની બસ્સોથી વધુ મહોરો મળી છે. બધા પર જુદુંજુદું લખાણ છે. એક મહોરમાં તો એકસરખા લખાણવાળી એકશૃંગીની મહોર લોથલ અને બગસરા સાઈટ પરથી પણ મળી છે. એવી જ રીતે ધોળાવીરાનું મેસેપોટેમિયા, પાકિસ્તાન, અફઘાનિસ્તાનની સાઈટ સાથે વેપાર કનેક્શન બતાવતી અન્ય મહોરો મળી છે. એકશૃંગી મૃગને વૈદિક સાહિત્યામાં યજ્ઞનું પ્રતીક કહેવાય છે. ''યજ્ઞો વૈ વિષ્ણુ'' કોષોમાં વિષ્ણુનો એક અર્થ એકશૃંગી પણ આપેલ છે. હરણ યજ્ઞના બલીનું પશુ ગણાતું. દરેક મહોરમાં તેની આગળ યજ્ઞવેદીનું ચિત્ર ચિહ્ન છે.



વેદસાહિત્યના સંસ્કૃત શબ્દ ઉલ્લેખોમાં મહોરની લિપિઓના અક્ષરો અને શબ્દો બંધબેસે છે અને યોગ્ય અર્થ પણ નીકળે છે.

ધોળાવીરાની ૧૯૬૬ - ૭૮માં મળેલી

એકશૃંગી મહોર પર લખ્યું છે :

''કાવ નિભિ ક્રતુ'' એટલે કે

કાવ = कवनिय :

નિભિ = नाभाकस्य,

ક્રતુ = યજ્ઞ

નભક નામના એક ઋષી થઈ ગયા.


એમના પુત્રના પુત્રનું નામ નાભક હતું.

(ઋગ્વેદ મંડલ ૧૦, સુકત. ૩૯-૪૧

એક સુકતના દ્રષ્ટા છે. એટલે કે

આ મહોર નાભાક ઋષિની છે.

જેના યજ્ઞની પ્રશંસા, પ્રચાર માટેની છે.


सिंधु लिपि 03/89 25

मुद्रा -१, (ढोलावीरा - कच्छ)

एक शृंगः पशुः-

का व नि भि क्रतु

विश्लेषणम्-

क आ व न इ भ इ क

र त


બીજી મહોરમા લખાણ છે.

''સૌસ હ શુક્ર ઈવ''

सोस: (સુસ) ऋषे: पुत्र (પુત્ર) ह निश्चयेन,

शुक्र: इव (આદરણીય).

પૌરાણિક સાહિત્યમાં વરુણદેવની નગરી સુસા પ્રસિદ્ધ છે. ઈરાન દેશની ભૂગોળમાં ૩૦'૩૨'' ઉત્તર અક્ષાંક્ષ અને ૨૨'૪૮'' રેખાંશમાં છે.





જેનું પ્રાચીન નામ સસ, સુસ, સૌસ, સુષ, સૌષેય છે.

ઋગ્વેદના પાંચમા મંડળમાં સુકત ૨૧ના દૃષ્ટા સસ આત્રય ઋષી છે.

કિશનચંદ્ર જેટલી લખે છે કે તેમણે ચારસોથી વધુ મહોરોનું અર્થઘટન કર્યું છે. જેમાં અનેક મહોરોમાં શક અને ખસ નામ લખ્યાં છે, જે પૌરાણિક कशु ઈટાણમાં ક્ શન, પ્રાચીન ઈજિપ્તમાં કુશ, બેબિલોનના કશ્યુ કે કસ્સતિ દેશભેદ નથી. જે ખસ જાતિ છે. ખસ પ્રજા અફઘાનિસ્તાન. હિમાયલ, નેપાળમા પૌરાણિક ઇન્ડો આર્યન પ્રજા હતી તે છે. જે પછીથી, ઈ.સ. પુર્વે ક્ષત્રિય કે બ્રાહ્મણ બન્યા. મહોર છાપ મારવા માટી કે ધાતુની બનાવવામાં આવતી. લોથલમાં રાવ સાહેબે એક જૂના કપડાના ટુકડા પર મારેલી છાપ શોધી છે. એના અક્ષરો જમણેથી ડાબે નહીં પણ ડાબેથી જમણે વાંચવાથી ઉકેલાય છે.

અનેક પ્રાચીન ભાષાઓ-લિપિઓના અને સંજ્ઞાઓથી આની બારાખડી તૈયાર કરવામાં આવી છે.

મજાની વાત છે એ કે અર્થઘટન સમજાય તેવું છે. એક જ મહોરના અનેક અર્થ થયા હોય તેમ બને, પણ કાંઈ ખબર ન હોય તેના કરતાં અનેક અર્થ-સંદર્ભ હોય તે તો વધુ સારું કહેવાય. કચ્છ મહોરના સંદર્ભમાં ઘણી વિગતો જાણવાલાયક બાકી છે. ક્રમશ કે બીજા લેખમાં જોઈશું.


(२०)
मो० द० मुहिसनिजी आइविटा (वर्णमाला)
मो हें जो द ड़ो-प्र भृ ति-स्थ ले भ्यः प्राप्त-मु द्रा णां
अ का रा दि-व र्ण मा ला

# આ પ્રેમને શું નામ આપું....!

જ્યોતિ જેવત મોતા

*ગતાંકથી આગળ ચાલુ....*

કલ્યાણક ભૂમિની યાત્રા છેલ્લા ચરણમાં પહોંચી આવી હતી. વચ્ચે સોનાર બાંગ્લાની સફર ભેટ મળી. આગરા કેવી રીતે પહોંચવું એની વાત કર્મચારીઓ સાથે ચાલી રહી હતી, ત્યાં એક ભાઈ સાઇકલ સાથે સામાન લઈ જૈન મંદિરના બારણે આવીને ઊભા. આમ તેમ જોઇ એમણે પેલા દાદાને પૂછ્યું,

''યહાં એક બહન યાત્રા કરતેકરતે આઈ હૈ. ઉનકા નામ જ્યોતિજી હૈ. આપ ઉનકો બુલા દેંગે ? ઉનકો યે સામાન દેના હૈ.''

બધા લોકો મારી સામે અને હું એ ભાઈ અને સામાન સામે જોવા લાગી!

''મૈં હી જ્યોતિ હું... પર યે સામાન મેરા નહીં...! આપ સે કોઈ ગલતી તો નહીં હો રહી... ?''

''અગર આપ જ્યોતિ હૈં, તો યે સામાન આપ કા હી હૈ !''

''ભાઈ! મેરા સામાન તો મેરે સાથ હૈ ! મૈં મેરા સામાન ન કહીં લે ગઈ હૂં ન કહીં ભૂલી હૂં! આપ બાત તો મેરી હી કર રહે હો, પર સામાન મેરા નહીં હૈ ! ન મૈં આપકો જાનતી હું ! ન ઈસ સામાન કો... ? બતાઈયે બાત ક્યા હૈં....ઔર યે સામાન ?''

હવે એ ભાઈ મૂછમાં મરકવા લાગ્યા. પોતાના મોબાઈલથી કોઈને ફોન લગાવ્યો અને મોબાઈલ મારા હાથમાં થમાવી દીધો !

''લિજીયે, બાત કરીએ !''

''... અરે મૈં યહાં કીસી કો નહીં જાનતી! કિસસે બાત કરું..? કૌન હૈ..?

હું હવે ખરેખર મુંઝાઈ રહી હતી? આ શું થઈ રહ્યું છે? બધાની આશ્ચર્યભરી નજર મારી પર અને મારી નજર એ ભાઈ, સામાન અને ફોન પર! પ્રશ્નો ઘુમરાવા લાગ્યા. આટલો બધો સામાન! કોઈ અજાણી વ્યક્તિ કોઈ અજાણ્યા માટે આમ કેમ મોકલી શકે ? હશે શું આ સામાનમાં ?

''હેલ્લો !''

સામેથી મહિલાનો મીઠડો રણકાર સંભળાયો.

''જ્યોતિજી, મૈં રીના બોલ રહી હૂં. આપ મુઝે યા મૈં આપકો નહીં જાનતે હૈં... મેરે પતિ કલ આપકો દાદાવાડી મેં મિલે થે. ઉન્હોંને આપકે ઔર આપકી લંબી યાત્રા કે બારે મેં

સબ કુછ બતાયા. બાતેં સુનકર આપ કો મિલને કા બહુત મન કર રહા હૈ. આપ હમારે ઘર આઈએ ઔર એક દિન રુકીયે... મૈં ખુદ જૈન પરિવાર કી હૂં. આપકો કોઈ દિક્કત નહીં હોંગી.'

ઓહો! હવે સમજાઈ ગયું....! કાલે કીરતબાગ દાદાવાડીમાં મળેલ ઉત્તમભાઈ! મૈં એમને વચ્ચે જ રોકતાં કહ્યું..,

''જય જિનેંદ્ર! રીનાબહેનજી, આપકા બહુતબહુત શુક્રિયા... એક અજનબી કો ઘર બુલાને કે લિયે... અગર આજ મેરી આરક્ષણ ટિકિટ હો જાયેગી તો ખાના ખા કર તુરંત આગે નીકલના હોગા. યહાં મૈં દોપહર તક હું. ટિકિટ નહીં હુઈ તો શાયદ મીલના હો પાયે. આપ હી યહાઁ આ જાયે તો મિલ લેંગે...'' એમણે પોતાના ગૃહસ્થ જીવનની વ્યસ્તાતા બતાવી. મેં એમને પૂછ્યું...,

''યે બતાયેં કિ ઈતને સારે સામાન કા ચક્કર ક્યા હૈ?''

''યે સામાન આપ ખોલકર દેખ લિજીયે... આપકી યાત્રા મેં આગે કામ આયેગા.''

''અરે! નહીં, નહીં, બહનજી. વૈસે ભી મેરી યાત્રા અબ તો પૂરી હો રહી હૈ.... આગરા હોતે હુએ કલ્યાણક ભૂમિ કંમ્પિલ, શૌર્યપુરી, હસ્તિનાપુર દર્શન કરકે ચાર-પાંચ દિનોં મેં મૈં કચ્છ કે લિયે નિકલ જાઉંગી. મુઝે અબ કોઈ સામાન યા ચીજવસ્તુ કી આવશ્યકતા નહીં હૈં. જો મેરે પાસ હૈ ઉસે ભી ખાલી કરના ચાહતી હૂં. યહ તો ઈતના સારા સામાન દિખ રહા હૈ!.. પતા નહિ ક્યાક્યા હૈ ઉસમેં ?મુઝે ક્ષમા કરેં, મૈ કુછ નહીં લે સકતી. આપકા બહુત બહુત શુક્રિયા. એક અજનબી કે લિયે ઈતના કુછ સોચને ઔર કરને કે લિયે..!''

''અરે, અરે! ક્ષમા-શુક્રિયા કી કોઈ બાત નહીં. આપ પહલે સામાન ખોલકર દેખ લેં. વૈસા હી સામાન હૈ જો આપકો રાસ્તે મેં કામ આયેગા. કુછ ટોફિયાં, ખાના ઔર બૅગ્સ. મુજે પતા હૈ આપ કી બૅગ ટૂટ ગઈ હૈં. ઉસે બદલકર યે નયી બૅગ્સ લે લેં, પુરાની વહીં છોડ દેં... '' ''અરે બહન! મેરી બાત તો સુનો..! અબ ઈન બૅગ્સ કી કોઈ આવશ્યકતા નહીં. મેરે પાસ તીન બૅગ્સ પહલે સે હૈ. ઔર જ્યાદા સામાન કરકે વજન બઢાના નહીં ચાહતી. મેરી એક બૅગ ખાલી કરુંગી તો આપ કી દો બૅગ્સ કરની પડેગી. ઈતની સારી બૅગ્સ એકસાથ મૈં નહીં ઊઠા પાઉંગી. ઔર મેરી દિક્કતેં ઔર બઢ જાયેગી. ખાના, પીના, દવાઈયાં સબ સાથ હૈ... આપકે ઈતને અચ્છે ભાવોં કે લિયે આપકા બારબાર ધન્યવાદ કરતી હું. આપ મુજે આગ્રહ ન કરેં...''

''ઠીક હૈ, પહલે આપ સામાન ખોલ કર દેખ લેં, સારી ચીજેં કામ કી હી હૈં. આપ કુછ વાપસ મત કિજીયેગા.. આપ કી છોટી બૅગ દુસરી છોટી બૅગ કે સાથ બદલ લિજીયે ઔર આપ કી પુરાની બૅગ સ્ટાફ મેં દે દેના. આપકી અકેલે યાત્રા કી બાતેં સુનકર આપશે મિલને કા બહુત મન થા.. ફિર કભી મિલ લેંગે....''

એમની વાતો ચાલતી રહી. હું ગદ્‌ગદ્ થઈ ગઈ. મારી પાસે આવા અનોખા સ્નેહ અને અનોખા માનવીઓ માટે કોઈ શબ્દો નહોતા. તેઓ મારા માટેના અહોભાવ વિશે જે કંઈ બોલી રહ્યા હતા તે સાંભળી મારી આંખો ભીની થઈ ગઈ. મેં એમને રોક્યા. સામાન જોયા બાદ ફરી ફોન કરું છું એમ કહી ફોન મૂક્યો. આશ્ચર્ય તો હવે સામાન ખોલ્યા બાદ થવાનો હતો. પેલા ભાઈ એક પછી એક સામાન ખોલી મને આપવા લાગ્યા. નાની-મોટી સાત બૅગ્સ, મીઠાઈઓ, ફળ, નાસ્તા, ડાયરી, પેન, સાબુ... અધધ..! આ બધું તો પ્રવાસની શરૂઆતમાં મેં લીધું હતું. હવે તો ખાલી કરતી ગઈ. આ તો જાણે મારો નવો પ્રવાસ આરંભાઈ ન રહ્યો હોય! મેં ફરી ફોન જોડ્યો.

''બહેનજી !... આપ તો મેરી એક નયી યાત્રા શુરૂ કરવાને જા રહી હો. ફલ, નાસ્તા, મીઠાઈ ઈન સબ ચીજોં કી અબ કોઈ આવશ્યકતા નહીં. રાસ્તે મેં સબ કુછ મિલતા હૈ, બાકી સારી ચીજેં ભી મેરે પાસ હૈ... મૈં ઈતની સારી ચીજેં લે કે ક્યા કરું ? મૈં આપકે સ્નેહ ઔર ભાવોં કે લિયે આપકો કૈસે ધન્યવાદ કરું ? મેરે પાસ કોઈ શબ્દ નહીં આપ કે પ્રેમ કે લિયે..!''

''જ્યોતિબહન ! અબ આપ હમારે લિયે કોઈ અંજાન નહીં હૈં. આપ અબ હમારી એક સાધર્મિક બહન હૈ ! આપ ઘર આતી ઔર કુછ દિન રુકતી તો અચ્છા લગતા. હમને આપ કે લિયે કુછ નહિ કિયા. આપ ઈતની લંબી કલ્યાણક ભૂમિઓં કી યાત્રા કરકે આઈ હો.. વહ ભી અકેલે ! ઈતને લંબે સમય સે ! આપસે તો હમેં બહુત પ્રેરણા મિલી હૈં...! આપકી હિંમત, સાહસ ઔર ધર્મપ્રેમકો હમ વંદન કરતે હૈં.''

હું સ્તબ્ધ હતી એમના આ અનોખા સ્નેહ આગળ! આગલો મારો પ્રવાસ બે રાત્રી, બે દિવસનો હતો. મેં નતમસ્તક થઈને નાસ્તો, અમુક વસ્તુઓ અને એક બૅગ લઈ લીધા. એક નાની બૅગ બદલી કરી મારી જૂની અને મજબૂત બૅગ દાદાને આપી આ બધી વાતો અને દૃશ્યોથી બધાં ખુશ થઈ ગયાં. ત્યાં આવેલ યાત્રિકો અને અન્ય કર્મચારીઓ પણ આ દૃશ્ય જોતાં રહી ગયા! બે દિવસ અગાઉ આવી ત્યારે દાદા આવવા નહોતા દેતા તે પણ ગદ્‌ગદ્ થઈ કહેવા લાગ્યા, ''બેટી, અબ જબ તક તુમારી ટિકિટ ન હો તબ તક યહીં રહો''. જ્યારે આ અજાણ્યા શહેરમાં પગ મૂક્યો ત્યારે બધા માટે અજાણી વ્યક્તિ હતી તે હવે બધા મારા પોતાના થઈ ગયા. આ છે જિન શાસનની બલિહારી! દેવગુરુના આશીર્વાદ! કુદરતની અસીમ કૃપા! ધર્મનું બળ! ભારતની સંસ્કૃતિ! સોનાર બાંગ્લાના માનુષ અને માનવતાની મીઠી મહેક મારા રુએં રુએં ભરાઈ ગઈ.

ફરી એક દિલધડક સફર!

ફરી એકવાર મુંબઈથી જીતુભાઈનો એજન્ટ, કોલકાતાથી કિશનભાઇનો એજન્ટ અને ભાણેજ ટિકિટ આરક્ષણના કામમાં લાગી

ગયા. સવા અગિયારે મુંબઈથી ખુશખબરી મળી-ટિકિટ આરક્ષણ થઈ ગઈ! ત્રીજા દિવસે મહેનત રંગ લાવી! હવે મારે બપોરે ૩:૩૦ની ટ્રેન પકડી મધ્યરાત્રિએ વર્ધમાન રે.સે. પશ્ચિમ બંગાળથી આગરા જતી બીજી ટ્રેન પકડવાની હતી. અહીંથી સાડા ત્રણે નીકળતી ટ્રેન ચાર કલાકમાં વર્ધમાન રેલવે સ્ટેશન ઉતાર્યા બાદ ત્યાં મારે પાંચ કલાક રેલવે સ્ટેશને વિતાવવાના હતા. જો બંને ટ્રેન સમયસર હોય તો! નહીં તો... ન જાણે બીજો કેટલો સમય? એક વાતથી નિશ્ચિંત હતી કે હવે આરક્ષણ ટિકિટ છે એટલે ટ્રેનમાં બીજી કોઈ હાલાકી નહીં ભોગવવી પડે. ફરી એકવાર ઉત્તર પ્રદેશમાં પ્રવેશ કરવાનો હતો.

ઉત્તર પ્રદેશની કલ્યાણક ભૂમિ અયોધ્યાથી શરૂ કરેલ મારી યાત્રા ફરી ઉત્તર પ્રદેશમાં પૂર્ણતા તરફ આગળ વધી રહી હતી. ઉત્તર પ્રદેશનાં આ સ્થળો ઘણા લાંબા અંતરે અને અંતરિયાળ વિસ્તારમાં હોવાથી શરૂઆતમાં અહીં આવી હોત તો વધુ સમય જાત અને હાલાકી ભોગવતા યાત્રાનો ઉત્સાહ ઓછો થઈ જાય એવું હોવાથી સમય બચે તો ફરી ઉત્તર પ્રદેશની આવી યાત્રા પૂર્ણ કરવાનું વિચાર્યું હતું. હવે સમય અને શક્તિ બંને હતાં. તો પછી આ ત્રણ કલ્યાણક ભૂમિ બાકી રાખવી એના કરતાં હમણાં સાથે જ બધી કલ્યાણક ભૂમિની યાત્રા પૂર્ણ કરવી એવો નિર્ણય કર્યો.

વર્ષોનું મારું સ્વપ્ન 'પુન્ય ભૂમિઓની યાત્રાઓ' તે પૂરું થઈ રહ્યું હતું. તીર્થંકરોની ભૂમિ સાથેસાથે બૌદ્ધ, હિન્દુ, ઇસ્લામ, સૂફી ગામોની યાત્રા પણ આમાં જોડાઈ. આ બધાં જ તીર્થસ્થળો અને પર્યટક સ્થળો મારી ઘુમક્કડીના ભાગ બન્યાં. ૧૦૮ કલ્યાણક ભૂમિ-ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં પૂર્ણ કરી પશ્ચિમ બંગાળનાં તીર્થો મારી યાત્રાનાં બોનસ સ્વરૂપે કર્યાં. મારા આનંદની કોઈ સીમા ન હતી. હું મારા રૂમ પર ગઈ. સામાન પૅક કર્યો. જમવા ગઈ. થોડો આરામ કર્યો અને ફરી નવા સફર માટે બે વાગે નીચે ઊતરી. જિનેશ્વર ભગવંતોનાં દર્શન કર્યાં. મૅનેજરભાઈ, દાદા અને સ્ટાફ બહાર સુધી મૂકવા આવ્યા.

અઢી દિવસ પહેલાં વહેલી સવારે જ્યાં ત્રણ કલાક પરોઢના વિતાવ્યા હતા ત્યાં ફરી એકવાર આવી ગઈ. ટ્રેન આવવાના સમયે ટિકિટબારી ખોલવાનું અનાઉંસમેન્ટ થવાનું હતું. ટ્રેનનો સમય સાડા ત્રણ એટલે કે પોણો કલાક બાદનો હતો. મારા સામાન સાથે હું પ્લૅટફૉર્મ પર બેઠી. આ નાનકડા, રળિયામણાં ગામડાંઓ એક સમયે સમૃદ્ધ, સંપન્ન શહેર હતાં. અહીંના સ્નેહાળ લોકો, પવિત્ર તીર્થો અને ગંગાની ગોદથી હર્યાભર્યા બનેલ નિસર્ગની યાદો સાથે હું ફરી મારા નવા ગંતવ્યે લઈ જનારી ટ્રેનની રાહ જોતી બેઠી હતી.

સાડા ત્રણે અહીંથી છૂટતી ટ્રેન બીજે ક્યાંકથી આવવાની હતી. અહીં ખાલી થઇને ફરી આગળ જવાની હતી. ત્રણ વાગી ગયા, પણ ન તો ટ્રેન ક્યારે આવશે એનું કે ન તો

ટિકિટબારી ક્યારે ખૂલશે તેનું કોઈ અનાઉંસમેન્ટ થયું. આટલા બધા સામાન સાથે હું એકલી હોવાથી ઊંચી-નીચી થવા લાગી. છેલ્લી ઘડીએ અનાઉંસેમેન્ટ થાય તો આટલી મોટી કતારમાં ફરી સામાન ઢસડી મારે ક્યાં ફરવું એની ચિંતા હતી. સાડા ત્રણ થયા. ટ્રેન આ સમયે તો અહીંથી છૂટી જવાની હતી? પણ હજી તો આવવાના કોઈ વાવડ નહોતા! બીજો એક કલાક – ૪:૩૦! પણ હજી કોઈ સંદેશો કે અણસાર નહોતા. હવે મારી શાંતિ ખૂટી પડી. આવી ત્યારે ત્રણ કલાક અને હવે પાછા અહીં ન જાણે કેટલા કલાક કાઢવા પડશે? મેં બે-ચાર જણને પૂછી લીધું, પણ એ બધાં મારી જેમ જ અજાણ હતા અને આગળ-પાછળ થઈ રહ્યા હતા. ૩:૩૦ ના ૫:૩૦ થયા! હવે જો આ ટ્રેન વધુ મોડું કરે કે ન આવે તો મારી બીજી કનેક્ટેડ ટ્રેન પણ છૂટી જાય! ના, ના...! આવું વિચારવું પણ મારા માટે ભારે હતું. માંડ ત્રણ દિવસ પછી આરક્ષણ ટિકિટ મળી. જો આ ટ્રેન છૂટે તો મારી હાલત થવાની હતી! હું ન તો અહીંની રહું ન વર્ધમાન સ્ટેશનની. ફરી કોઈ અજાણ્યા સ્ટેશને રાત્રિ ગુજારવી? વળી આગરા જવા માટે નવી ટિકિટ? મારું માથું ભમવા લાગ્યું. માંડ જાતને શાંત કરી બેસવાની કોશિશ કરી.

બધાનું કહેવું હતું કે ટ્રેન આવશે, કૅન્સલ તો નહીં જ થાય, પણ ક્યારે? ૬:૦૦ વાગ્યા! પણ હજુ બધું શાંત! શાંતિ પણ ક્યારેક કેવી ભયાનક બની જતી હોય છે! પાંચ વાગ્યા સુધી શાંત રહી શકી, પણ હવે એકએક મિનિટ ભારે જતી હતી. સાડા છ વાગ્યે ટ્રેન આવે તોપણ મને વર્ધમાન સ્ટેશન પહોંચતા ચાર કલાક એટલે કે સાડા દસ-અગિયાર વાગે. રાત્રિનો સમય... સૂમસામ સ્ટેશને, મને ટ્રેન ક્યા પ્લૅટફૉર્મ પર ઉતારશે? મધ્યરાત્રિએ કોઈ કૂલી પણ ન મળે, તો હું સામાન સાથે કેવી રીતે ભાગદોડ કરીશ...? ઉફ! કેટલા બધા પ્રશ્નોનો હલ્લો એકસાથે થવા લાગ્યો. દિમાગ પર કબજો જમાવી બેઠેલા પ્રશ્નોથી હૃદય ધબકી ઊઠ્યું. ફરી એક નવી પરીક્ષાની ઘડી? ૬:૩૦ થઈ ગયા. હવે જો એક કલાકની અંદર ટ્રેન ન આવે તો માંડમાંડ મળેલી આગરાની મારી આરક્ષણ ટિકિટ પણ નકામી જાય એ ચોક્કસ હતું અને કદાચ વર્ધમાન રેલવેસ્ટેશનથી મારી ટ્રેન છૂટી પણ જાય. એ ટ્રેન મોડી પડે તો મારે ત્યાં પણ ફરી રાત ગુજરાતી પડે?

હું રડમસ થઈ પ્રકૃતિમાંને પ્રાર્થના કરવા લાગી. હે માં! રેલવે સ્ટેશન પરના ઇન્તજારની આટલી બધી પરીક્ષાઓ લીધા બાદ હવે આ મારી છેલ્લી પરીક્ષામાં મને હારવા ન દેતી! આટલી બધી કઠિનાઈઓ વચ્ચે મારી લાંબી યાત્રા સફળ કરી, તો આ મુસાફરીને નિષ્ફળ જવા ન દેતી. આવી આકરી પરીક્ષાઓનો હવે અંત લાવ. જો આ ટ્રેન હવે મોડી પડશે કે રદ થશે તો હું ક્યાંયની નહીં રહું! મારી હાલત ધોબીના કૂતરા જેવી થઈ જશે. 'ન ઘરની, ન ઘાટની' આ ટ્રેન મોડી પડે તો વર્ધમાન રે. સ્ટેશનની કનેક્ટેડ ટ્રેન પણ હું ચૂકી જઈશ અને સૂમસામ સ્ટેશન પર ફરી રાત ગુજારવી પડશે! ફરી બીજી આરક્ષણ ટિકિટ

અને ટ્રેન કેવી રીતે મળશે ? ક્યાં જઈશ ? શું કરીશ ? આટલો લાંબો રસ્તો વગર આરક્ષણે કેવી રીતે કપાશે ? મન પર આ પ્રશ્નોના મારાથી અને અનિશ્ચિતતાથી મારું માથું દુખવા લાગ્યું બિલકુલ રડમસ થઈ ને ત્યાં ઉભી રહી.

''ટ્રેન નંબર ૧૩૦૧૮ ગણદેવતા એક્સપ્રેસ આધે ઘંટે મે પ્લૅટફૉર્મ નંબર તીન પર આ રહી હૈ.'' જાણે ચમત્કાર ન થયો હોય ! આ અનાઉંસમેન્ટ ખૂબ પ્રિય લાગ્યું. સાત વાગી ગયા. સાડા સાતે ટ્રેન આવશે. હાશ ! સમયસર ટ્રેન દોડશે તો હું સાડા અગિયાર-બાર વાગે વર્ધમાન રેલવે સ્ટેશન પહોંચી જઈશ. કટોકટીના આવા સમયે હે પ્રભુ ! હવે એક પણ મિનિટ ટ્રેનને મોડી પડવા ન દેતા. મનોમન પ્રાર્થના ચાલતી રહી. સામાન કોઈના હવાલે કરી ભાગતીભાગતી ટિકિટ લેવા દોડી. સામાન લઈ ઉપર ચડી. હંમેશ મુજબ ધમાધમ પ્લૅટફૉર્મ બદલ્યું.

''લેડીઝ કોચ કહાં આયેગા ?

''કોઈ ભી કોચ મેં બૈઠ જાઈએ. સારે કોચ ખાલી હૈ.'' અંધારું વધી રહ્યું હતું. મધ્યરાત્રિએ મારે અજાણ્યા સ્ટેશન પર રાતના ઊતરવાનું હતું. પ્રતીક્ષાની ક્ષણોનો અંત તો આવ્યો, પણ સમયસર ટ્રેન નહીં પહોંચાડે તો ? એ હવે નવો ડર ઊભો થયો. તેમાં આ ખાલી ડબ્બામાં ક્યા કોચમાં બેસવું એ બીજી મુશ્કેલી ? ગાડી અડધો કલાક પછી ઊપડવાની હોવાથી છેક ગાર્ડના કોચ સુધી સામાન લઈ ગઈ. લેડીઝ કોચમાં ચડી. ત્યાં બેઠી, ઘણી વાર સુધી કોઈ ન આવ્યું. આખા કોચમાં હું એકલી ! બારી-બારણાં ખુલ્લાં, રાત્રિ અને સૂમસામ સ્ટેશનો ! ફરી ચિંતાથી ઘેરાઈ ગઈ. નીચે ઊતરી ગાર્ડને પૂછ્યું,

''રાસ્તે મેં મહિલા પેસેન્જર્સ આયેગી ક્યાં ? પુરે કોચમેં મૈં એકલી હું.''

ગાર્ડે કહ્યું, ''આપ એન્જિનવાલે કોચમેં ચલી જાયેં'', ''ક્યાં ? વો કોચ તો સબસે આગે હૈ ! પૂરા પ્લૅટફૉર્મ સામાન કે સાથ ચલના પડેગા !''

મને એની આવી સલાહ બિલકુલ ન ગમી. હું કરી મહિલા કોચમાં બેઠી. બધાં બારી બારણાં બંધ કરી દીધાં. થોડી વારમાં એક યુવાન છોકરી આવી બેઠી. રાહ જોઈ અને બીજું કોઈ ન આવતા એ પણ ઊતરીને જેન્ટ્સ કોચમાં જતી રહી. મેં થોડી વધુ વાર રાહ જોઈ. ટ્રેન ઊપડવાને હજી પાંચ મિનિટ બાકી હતા. ફરી નીચે ઊતરી અને ગાર્ડને કહ્યું.

''ગાડી ચલને કો અભી પાંચ મિનિટ હૈ તો મૈં પાસ કે કોચ મેં જાતી હૂં.''

એણે હા પાડી. હું ઊતરી અને સામાન નીચે ઉતાર્યો. એક બૅગ હાથમાં લઇને બીજી બૅગ ઉપાડવા ગઈ ત્યાં તો ગાર્ડે હોર્ન માર્યો અને ગાડી સ્ટાર્ટ થઈ ગઈ ! ? આ શું ? મારું તો માથું ભમવા લાગ્યું ! જેમતેમ બીજી બૅગ ઊંચકી પાછી કોચમાં ફેંકી. ત્રીજી બૅગ સાથે ચાલતી ટ્રેનમાં બીજા બારણેથી ચડી ગઈ.

આ બધો તમાશો હરામી ગાર્ડ જોતો રહ્યો! હું એના પર ભડકી ઊઠી. એને ગાડી સ્ટાર્ટ કરવી જ હતી તો મને બીજા ડબ્બામાં જવાની હા કેમ પાડી? લડવાનો કોઈ અર્થ નહોતો અને લડી શકું તેમ પણ નહોતી. મારે હવે વર્ધમાન સ્ટેશન સુધી બીજું કોઈ ન આવે ત્યાં સુધી એકલા આ લેડીઝ કોચમાં સંભાળીને પ્રવાસ કરવાનો હતો. મારી આકરી પરીક્ષા થઈ રહી હતી. થોડી શાંત થઈ, સામાન સરખો કરી, એક સીટ પર લંબાવ્યું. એક કલાક બાદ બે સ્ટેશનેથી બે-ત્રણ મહિલાઓ અને બે ચાર પુરુષો ચડ્યા. હું સ્વસ્થ હતી. બંને ગાડીઓના સ્ટેટસ જોતી રહી. મારી કનેક્ટેડ ટ્રેન પણ સમયસર દોડી રહી હતી અને હું જેમાં બેઠી હતી એ ટ્રેન પણ. આખરે સવા અગિયારે હું મારા પહેલા ગંતવ્યે વર્ધમાન રેલવેસ્ટેશને પહોંચી! હવે હાશકારો થયો.

સ્ટેશન નાનું. પણ સુવિધાઓયુક્ત હતું. રાતના બાર વાગે આખું પ્લૅટફૉર્મ ધોવાઈ રહ્યું હતું. મારી ટ્રેનનું અનાઉન્સિંગ થયું અને હું સામાન લઈ પ્લૅટફૉર્મ નંબર ત્રણ પર ગઈ. અહીં મારે પોણો કલાક વિતાવવાનો હતો. એક બેંચ પર ગોઠવાઈ. ઝોકું ન આવી જાય તેની તકેદારી રાખી. મારી ટ્રેન દસ મિનિટ મોડી ચાલી રહી હતી. નવો દિવસ તા. ૯.૧.૧૯ શરૂ થયો. હું મારી ટ્રેનમાં ચડી. એક નવું ગંતવ્ય સામે હતું. ભયાનક ઇન્તજારનો અંત આવ્યો. નવા વર્ષ અને પશ્ચિમ બંગાળના મારા આઠ દિવસની રઝળપાટના ખાટાંમીઠા અનુભવો સાથે આગલા બે દિવસની મુસાફરીને પાર કરવાની હતી. મેં સોનાર બાંગ્લાની ભાવભીની વિદાય લીધી.

અસ્તુ.

આ સાથે 'સોનાર બાંગ્લાની સફરે' લેખમાળા અહીં પૂરી થાય છે, પણ પ્રવાસ અવિરત ચાલુ છે. મારા જેવી નવી લેખિકાને આપ બધા સુજ્ઞ વાચકો એ ધીરજપૂર્વક વાચીને બિરદાવી એ બદલ આપ સર્વેનો હૃદયપૂર્વક આભાર માનું છું. ઘણાં વાચક મિત્રોનાં ફોન અને શુભેચ્છાઓનો સહૃદય સ્વીકાર કરું છું. વિશેષ કરી શ્રી લીલાધર ભાઈ ગડા (અધા), શ્રી પન્નાલાલ શાહ, શ્રીમતી પુષ્પાબેન શાહ, શ્રી શાંતિભાઈ મૉકોની જેવા સમાજના આગેવાનોએ ખાસ ફોન કરી પ્રોત્સાહિત કરી અને કેટલા દાયકા પૂર્વેની પોતાની યાત્રાને દૃષ્ટિફલક પર લઈ આવી અને પ્રવાસ યાદ કર્યો એમાં હું કોઈક અંશે નિમિત્ત બની એનો મોટો હરખ વ્યક્ત કરું છું. ઘણાં વડીલોએ પોતાની દાયકાઓ પૂર્વેની વાતો કહી મને નવાજી અને એમના સમયની યાત્રાનો હું હિસ્સો બની તે ખૂબ ગમ્યું. આપ બધા ફરી એવી રીતે મને પ્રોત્સાહિત કરતા રહેજો અને આવકારી લેજો એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

જય જગત... જય જિનેન્દ્ર!

નાની ખાખર.
મો. : ૯૯૩૦૫૦૮૪૦૭

# SHOULD WE ALLOW OUR KIDS TO GET BORED?

Qvitta Chheda

In 2020 when the lockdown hit and we all were house arrested my biggest concern was, how will I get my child to be occupied all the time and not let her get bored so she doesn't get cranky. I, obviously, was not worried about me getting bored,since we all had work overflowing from all areas.

So, I started planning her day from the time she would wake up till she would go to bed at night. I would plan her games, craft activities, stories and everything,a day prior, so that my present day would go smoothly. It went really well for a week. She was very happy and enjoying the activities that we were doing together. But after a week what I faced was complete exhaustion. I would be so exhausted by the end of the day that I couldn't plan her next day's activities or would forget to buy the craft material that we would need and things started getting messy. Not to mention she felt kind of lost as to what's happening!

And then the sentence that I was actually dreading came up. My daughter tells me, "Mamma, I am bored." I felt so bad and guilty for making her feel that way. That's when her school had kept this reading session on how it is actually important that we let our kids get bored. It was, trust me, a game changer for me. It made my life so much easier and better.

Boredom is actually good for kids.

Adults don't allow themselves to get bored. Do you know, on an average a person picks up his phone 266times a day? What we gotten ourselves to, is, we constantly feel the need to be occupied. Infact, feeling bored is looked down upon. We come from an era where, if you were bored it means you didn't have anything to do. Think about it, "When was the last time you were truly bored?" which means, you didn't have anything interesting to do to occupy your time.

In an article, Sandi Mann, who literally wrote the book on Boredom, argues that modern technology has prevented us from using boredom to our benefit.

"Every time we get our phone out, we are not allowing our mind to wander and to solve our own boredom problems," Mann says.

The truth is, even when we think we're bored, we aren't. Our phones, and subsequent constant connection to the internet and other humans, have all but removed the threat of boredom from our daily lives.

True boredom in the form of no stimuli at all, is so rare that we fear it and refuse to succumb to it. Because of this, we think our children should never be bored either.

Now let's talk about the advantages of getting bored...

**Boredom stimulates creativity**

Boredom gives your child time and reason to be creative and engage in their own ideas. I actually noticed that my daughter had started making her own stories using whatever object she will find around her. In fact, it was so amazing to see her making

stories while putting her toys away too. She started learning few math equations like addition, subtraction just while playing. So, you may truly be amazed with what they come up.

**Boredom enhances problem solving**

Like with creativity, our child needs opportunities to solve their own problems without a parent's presence. As her school teacher says, let them be with the questions they have. We may not provide them with all the answers even if we know. That will help them come up with their own answers. It stimulates their thinking process and that is like experiential learning.

Being forced to come up with their own entertainment may lead to daydreaming, which will ultimately develop your child's ability to solve problems. For example, they'll feel pride in figuring out which toy they have, that'll work perfectly as a door to the fort they built, all on their own.

**Boredom helps us value the good days**

Have you ever imagined, what would life be like if you truly never had a dull moment?

A bit of boredom is like a rainy day in the middle of summer. It's a downer when it happens, but it makes us really appreciate the sunny days that follow.

If there are no lulls in a child's life, they may not appreciate the exciting times as much.

**Boredom can actually bring you closer together**

Try being bored with your child! I was amazed to see what my daughter came up with when left to her own devices.

Try some intentional, child-led, 'boring' time with your kids. Put down the phone and ask your child to think of something fun for you to do together. Be ready for a laughter-filled ride!

**Boredom leads to self-discovery**

Given unstructured time to think freely about whatever naturally comes to mind — will help children learn who they truly are. The child, who might be more interested in math, will be seen doing a lot of measuring and calculating and understanding the area and volume and all through play. You never know what they discover.

The next time your child complains of being bored, allow them that time to be bored but sit with them and encourage them to think what can you do together. Only thing you will have to be mindful of, is not encouraging them to have screen time to kill their boredom. Think of screens as a last resort. We don't want to plant the "avoid boredom with passive entertainment" seed in them if we can help it. Once the urge to look at their phone subsides, they will find themselves face to face with the things that actually interest them.

We all can do this exercise to understand how much boredom can be effective to all of us. Spare some time every day from your busy schedule to do nothing. For e.g., while travelling or having your meals just try to be with yourself. No music, no phone, no book, no person, nothing. No provocation. Nothing that gets your senses excited. Just get bored. And if you do that consistently in a disciplined manner you will be surprised to know how many of your unsolvable problems look as if they don't exist anymore. Try it out and know how it works.

Then you will notbe afraid to allow your child to experience some boredom. It will do them —and you — a world of good.

—Qvitta Chheda
Psychologist.

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.

છાયાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
છાયાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ. (અમૃતા પ્રીતમની આત્મકથા) મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

અમૃતાને સમજવી અને એ પણ લખાયેલા શબ્દોને સહારે એ અત્યંત કપરું છે. એના જીવનમાં જે પણ થયું એમાંનું બહુ ઓછું નજર સામે આવતા ચિત્ર જેવું છે. એના જીવનમાં ઘણુંબધું એના મનોજગતમાં સતત ઘૂંટાતૂં રહ્યું જેણે એની જિન્દગીના વળાંકોને ઘાટ આપ્યો અને એ બધું એના સાહિત્યમાં વ્યક્ત થયું જેમાં એક સ્ત્રી હતી, એની સંવેદના સતત સ્રવી રહી હતી, એનો આક્રોશ હતો, જિન્દગીની થપાટોને અડગ રહી ઝીલતી અને ઝઝૂમતી એક નારી હતી.... અને એક ધૂમ્રસેર હતી જે સતત આકાર બદલતી રહેતી હતી અને તેથી જ એને પૂર્ણપણે સમજવી અસંભવ હતી.

બચપણથી જ એક કલ્પના એનું જ કોઈ અંગ હોય એમ ઊછરતી રહી અને અમૃતા કહે છે:

દુનિયાને સર્જવાવાળી ઈશ્વરની શક્તિનો મુઠ્ઠીભર ભાગ, કદાચ દરેક ઈન્સાનના ભાગમાં આવે છે, ખબર નથી, પણ મારા ભાગમાં જરૂર આવ્યો હતો.

અમૃતાના જીવનમાં બચપણથી જ એક કલ્પનાએ જન્મ લીધો છે. આ કલ્પના એક એવા પુરુષની છે જે એની ભીતર ઊછરતી રહી છે અને એ કલ્પનાને અંદર સંગોપી એ આયુષ્યનાં વર્ષો પાછળ મૂકીને જીવનરાહ પર આગળ વધી રહી છે. અહીં સતત એવું વર્તાઈ રહ્યું છે કે કોઈ ભયના ઓથારને એ જીરવી રહી છે અને આ ભયને ખાળવા એક પુરુષ જે એને સુરક્ષિત રાખી શકે એ એની કલ્પનામાં વસી રહ્યો છે. એ કહે છે:

જેને મેં શક્તિ કહી છે એ પોતાના સહજ રૂપમાં શક્તિ નથી. એ કંઈક એવા પ્રકારની તાકાત છે કે જે ખૂબ ભયના સમયે એક એવી સાધારણ વ્યક્તિમાં પણ આવી જાય છે જે સમસ્ત નાશકારી શક્તિઓને સામે જોઈને, પોતાના અંતિમ સાધનને પણ પોતાનાં અંગોમાં જાગ્રત કરે છે.

સ્ત્રી હતી ભલે બાળક જેવી અને એ ભય જેવું વારસામાં મેળવ્યું હતું કે દુનિયાના ભયાનક જંગલમાંથી હું એકલી નહીં જઈ શકું અને કદાચ એ જ ભયમાંથી પોતાના સાથે માટે મર્દના ચહેરાની કામના કરવી એ મારી કલ્પનાનું અંતિમ સાધન હતું.

અમૃતાના મનમાં એની કલ્પનાનો પુરુષ છે પણ મનમાં આકાર લઈને બેઠેલી કલ્પનાને ઓળખી બતાવવાનું શક્ય નથી. તે છતાં એક વિશ્વાસ કે એ સન્મુખ થશે ત્યારે એને ઓળખી લેશે અને આયુષ્યના આડત્રીસમા વર્ષે એની કલ્પના સત્ય થાય છે અને અમૃતા કહે છે એને જ્યારે પહેલી વાર જોયો ત્યારે એ પહેલા એના મને એને ઓળખી લીધો. અમૃતાના જીવનમાં આવી અગમ્ય અર્થછાયાઓ ઊપસતી જ રહી છે. આડત્રીસ વર્ષના આ કાળ દરમ્યાન બે મુખ્ય ઘટનાઓ બની.

ચાર વર્ષની ઉંમરે માતા-પિતાએ એનું સગપણ કર્યું અને સોળ-સત્તર વર્ષની ઉંમરે એનાં લગ્ન થયાં. આ એક ઘટના હતી અને બીજી ઘટના એટલે વીસ-એકવીસ વર્ષની ઉંમરે પ્રેમ-મોહબ્બતના રૂપમાં ઘટી. આ મોહબ્બત હતી સાહિર માટે.

અમૃતા એક સર્જક હતી-મહાન સર્જક. એ સાહિત્યકાર હતી અને સાહિત્ય એની દુનિયા હતી. એના વ્યક્તિત્વનાં આ બન્ને પાસાંમાં સતત દ્વંદ્વ થતો આપણે જોઈ શકીએ છીએ. એ દ્વંદ્વ છે એક સ્ત્રી અને એક લેખક વચ્ચેનો, એ લખે છે..

એમ તો મારી ભીતરની સ્ત્રી હંમેશાં મારી ભીતરના લેખકથી બીજા સ્થાન પર રહી છે. કેટલીક વાર તો ત્યાં સુધી કે હું મારી ભીતરની સ્ત્રી માટે મારું પોતાનું ધ્યાન દોરતી રહી છું. 'કેવળ લેખકનું રૂપ હંમેશ એટલું જાજ્વલ્યમાન હોય છે કે મારી પોતાની આંખોને પણ મારી ઓળખાણ એમાં જ મળે છે.'

પોતાની ભીતર ચાલતા આ દ્વંદ્વને ઓળખતી અમૃતા કહે છે કે, જિન્દગીમાં એવા ત્રણ પડાવો કે સમયખંડ આવ્યા છે કે જ્યારે એના અંદરની સ્ત્રીનું રૂપ બહાર આવ્યું છે અને એ લખે છે....

પણ જિંદગીમાં ત્રણ સમય એવા આવ્યા છે કે જ્યારે મેં મારી અંદરની 'કેવળ સ્ત્રી'ને મન ભરીને નિંહાળી છે. એનું રૂપ એટલું ભર્યુંભર્યું હતું કે મારી અંદરના લેખકનું અસ્તિત્વ મારા મનમાંથી વિસ્મૃત થઈ ગયું હતું. ત્યાં એ વખતે, જરાક પણ ખાલી જગા નહોતી, જે એનું સ્મરણ કરાવે. એનું સ્મરણ કેવળ હવે કરી શકું છું - વર્ષોના અંતર પર ઊભાં રહીને.'

ક્યા હતા સમયના એ ત્રણ પડાવો જ્યારે અમૃતાને એની અંદરની 'કેવળ સ્ત્રી'ના ખરા સ્વરૂપની પ્રતીતિ થઈ?

પચીસ વર્ષની ઉંમરે અમૃતાના આંતરમનમાં એક બાળકની ઝંખના જાગી હતી. એને એક બાળકનું સ્વપ્ન આવ્યા કરતું. એક નાજુક નાનકડો ચહેરો. ટગરટગર એની સામે જોતી આંખો સ્વપ્નમાં એની સાથે વાત કરતી. એ જાગી ઊઠતી અને ફરી એ સૂની, વેરાન અને એકલી 'કેવળ સ્ત્રી'.

સમયનો બીજો પડાવ જ્યારે ભીતરની સ્ત્રીએ એનો કબજો લીધો હતો... એક દિવસ સાહિર આવ્યો. સાહિરને તાવ ચડ્યો હતો. એના ગળામાં દુખાવો હતો અને અમૃતાએ સાહિરને ગળા અને છાતી પર બામ ચોળી દીધો અને એની અંદરની સ્ત્રી કહી રહી હતી કે આ પ્રમાણે એ આખી જિન્દગી વિતાવી શકે અને એ કહે છે...

મારી અંદરની 'કેવળ સ્ત્રી' ને એ વખતે દુનિયાના કોઈ કાગળ-કલમની જરૂર નહોતી.

અને ત્રીજી વખત એણે એની અંદરની સ્ત્રીનો એ વખતે અનુભવ કર્યો જ્યારે ઈમરોઝ એના સ્ટુડિયો માં હતો. એણે એક પાતળું બ્રશ ઉપાડ્યું, એને લાલ રંગમાં ડુબાડ્યું અને પછી ઊઠીને એ લાલ રંગમાં ડુબાવેલા બ્રશથી અમૃતાના કપાળે એક બિંદી કરી અને પછી એ બધું સ્મૃતિમાં તાજું કરતાં એ કહે છે:

મારી ભીતરની આ 'કેવળ સ્ત્રી' ને 'કેવળ લેખક' સાથે કશી અદાવત નથી. તેણે પોતે જ એની પાછળ એની આડશમાં ઊભા રહેવાનું સ્વીકારી લીધું છે. જ્યારે ત્રણ વાર તેણે આગળનું સ્થાન લેવા ઇચ્છ્યું હતું. મારી ભીતરના 'કેવળ લેખકે' પાછળ રહીને તેને માટે જગા ખાલી કરી દીધી હતી.

'કેવળ લેખક'નું રૂપ મારા શરીરની સાથે રહે છે- વિચારોમાં પણ, સપનાંમાં પણ અને આ રીતે એનો અને મારો ચહેરો એક જ થઈ ગયો છે પણ 'કેવળ સ્ત્રી'નું રૂપ મેં ફક્ત ત્રણ વાર જોયું છે એટલે કેટલીક વાર આશ્ચર્ય થાય છેઃ તે કેવું હતું? શું મેં ખરેખર તે જોયું હતું?

અમૃતાના મનોવિશ્વમાં સતત કંઇક ઘૂંટાઈ રહ્યું હોય છે. શૈશવકાળથી જ સતત સંઘર્ષમય વળાંકો લેતી જિન્દગી, આ સંઘર્ષથી ઉદ્‌ભવતા વિચારોનાં વમળો, એની અંદરની સ્ત્રી, એની સર્જકતા અને આ બધાંની વચ્ચે સંતુલન મેળવવા અને જાળવવાની મથામણ અને એ સઘળું કલમને હવાલે...

ક્રમશઃ

ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧

---

પાના નંબર ૩૦ થી શરૂ

(કદાચ નવી પેઢી આમ તો આરામપ્રિય નથી, પણ જ્યારે કોઈ ખોટા ગુરુના ચક્કરમાં એ લોકો યુવાનીના થનગનતા દિવસોમાં, ***''ગો સ્લો''*** કે ***''ચીલ માર''*** ની વાતો કરી, પોતાની યુવાની વેડફવા જતાં હોય ત્યારે આપણે એમને આપણો સંઘર્ષ દેખાડવો, સમજાવવો જ રહ્યો.)

મારા ભાઈલા. આ યુવાની જ તો સમય છે તારી યોગ્યતા પુરવાર કરવાનો. આ જ તો ખરી પળો છે તારા સંઘર્ષની અને એમાં પણ દેશનો આવો સુવર્ણકાળ કે જ્યાં પાટુ મારશો ત્યાંથી પાણી મળશે, એવા સમયમાં આરામની વાત ખોટી આ સમય તો છે, શમણાં જોવાનો અને એની સાથેસાથે, એ શમણાંને સાચાં પાડવાના સંઘર્ષનો.

છેલ્લે વધુ કંઈ કહ્યા વિના, બસ ગીતની છેલ્લી પંક્તિઓ સાથે અહીં જ અટકું...

***ઉઠો છલાંગ માર કે આકાશ કો છુ લો***
***તું ગાડ દો ગગન પે તીરંગા ઉછાલ કે***
***ઈસ દેશ કૌ રખાના મેરે બચ્ચો સંભાલ કે***
***હમ લાયે હૈ તુફાન સે કિશ્તી નિકાલ કે***
***ઈસ દેશ કો રખના મેરે બચ્ચો સંભાલ કે***

રતાડિયા ગણેશવાલા
મો. : ૯૮૯૨૮૧૫૩૬૭

# છૂટી ગયો

રાજુલ પીયૂષ દેઢિયા

રાજેશે બધા રિપોર્ટ ડૉ. પંડ્યાને દેખાડ્યા. ડૉ. પંડ્યાએ માત્ર એક નજર ગુમાવી તરત બીજા એક ડૉક્ટર, ડૉ. ભાર્ગવના નામની ચિઠ્ઠી લખી આપી, જે રાજેશને જરાય ગમ્યું નહીં. એ સ્વગત બબડયો પણ ખરો. આટલા રિપોર્ટ કરાવ્યા, જરા બે મિનિટ નજર તો નાખી લેવી હતી.

હજી ઘરે પહોંચી બૂટ ઉતારે એ પહેલાં એણે સરલાને રસોડામાં જોઈ. સરલા, એની મોટી બહેન. હજી ત્રણ વર્ષ પહેલાં જ પરણાવી હતી, પણ જ્યારે પણ સરલા ઘરે આવે ત્યારે, કાં તો જમાઈ કે સાસુ સાથે કોઈક માથાકૂટ કે પછી જમાઈની ધંધામાં કોઈ મદદની માંગણી લઈને.

હાથ-પગ ધોઈ, રાજેશે સરલાને સીધું પૂછી લીધું. ''આમ અચાનક''. સરલા પણ સમય ગુમાવ્યા વિના સીધી મુદ્દા પર આવી ગઈ. ''એમને ધંધા માટે ૧ લાખની લોન જોઈએ છે''. રાજેશને માથે કરચલીઓ પડી. આ લોનનો અર્થ એ જાણતો હતો.

આવી લોનને કારણે જ એ ઑફિસમાં પોતાની લોન કદી પૂરી જ નથી કરી શક્યો. ઑફિસમાં પગાર સામે લોન ન મળતા, હજી ગયા જ વર્ષે એણે આવી લોન માટે પોતાના પીએફ, ગ્રેચ્યુટી સામે પણ ઉપાડ કર્યો હતો.

ત્યાં જ નીચે સ્કૂટરની ઘરરાટી સંભળાતા રાજેશે બારીની બહાર જોયું. એની નાની બહેન મમતા હતી. એની ઑફિસમાં સાથે કામ કરતો ઐયર એને સ્કૂટર પર ઘરે મૂકવા આવ્યો હતો.

મમતા ઘરમાં પગ મૂકતા જ દોડી. ''સરલા દીદી''. સરલાએ પણ મમરો મૂક્યો, ''શું કહે છે તારો ઐયર''.

મમતાએ અણગમા સાથે રાજેશ સામે જોયું અને પછી બોલી, ''બધું સેટ છે. એના ઘરવાળા પણ માની ગયા છે. સાદાઈથી લગ્ન માટે પણ તૈયાર છે. બસ એમના રિવાજ પ્રમાણે ભાઈ ૧૦-૧૫ તોલા ચડાવી દે તો એમને બીજું કશું નથી જોઈતું.''

રાજેશ બોલ્યો. ''આ દિવાળીમાં મમ્મીની બન્ને આંખના મોતિયા ઉતરાવી લઈએ. આવતી દિવાળી પહેલાં તને મિસિસ ઐયર બનાવી દઈશું.''

બીજા દિવસે ઑફિસ જતાં પહેલાં ડૉ. ભાર્ગવ પાસે જવાનું નક્કી કરી એ સવારે ટિફિન વિના જ વહેલો નીકળી ગયો.

ટ્રેનને વાર હતી એટલે એણે ડૉ. ભાર્ગવનું નામ ગૂગલ પર નાખ્યું. જાણીતા સર્જનની કૅન્સર લિંક્સથી એની મોબાઈલ સ્ક્રીન ભરાઈ ગઈ. રાજેશનું ગળું સુકાવા લાગ્યું. એણે

પાણીનો એક ઘૂંટડો ભરી, બૉટલ બૅગમાં મૂકી અને તરત ડૉ. પંડ્યાને ફોન લગાડ્યો.

આમ તો એણે કદી ડૉ. પંડ્યાને આમ મોબાઈલ પર ફોન નહોતો કર્યો, પણ કાલે ડૉ. ભાર્ગવનો નંબર વૉટ્સ-એપ કરી ડૉ. પંડ્યાએ જ એને કહ્યું હતું. કંઈ પણ મૂંઝવણ હોય, મને ફોન કરી વાત કરી લેજે.

ફોન પર ડૉ. પંડ્યાનો અવાજ સંભળાતા, રાજેશે કેટલાક પ્રશ્નો પૂછ્યા. દરેક ઉત્તર સાથે રાજેશ પ્લૅટફૉર્મની બેન્ચ પર ફસડાતો ગયો. રાજેશે ડૉ. પંડ્યાને છેલ્લો સવાલ પૂછ્યો : ''મારી પાસે કેટલો સમય છે.''

સામે છેડે ડૉ. પંડ્યાએ જે કાંઈ કહ્યું એ સાંભળયા બાદ રાજેશે કંઈ પણ કહેવા, સાંભળ્યા સિવાય ફોન કાપ્યો અને તરત પોતાના ઈન્સ્યુરન્સ એજન્ટનો ફોન ગુમાવ્યો. ''મારી બધી પૉલિસીની કુલ મેચ્યોરિટીની રકમ કેટલી થાય.'' બસ. રકમ સાંભળી વધુ કાંઈ બોલ્યા વિના રાજેશે ફોન કાપી દીધો.

રાજેશે ગજવામાંથી પાકીટ બહાર કાઢ્યું. પહેલા જ ખાનામાં અદિતિનો ફોટો હતો. અદિતિ, જેણે રાજેશની બહુ રાહ જોઈ, પણ રાજેશ પોતાની ઘરની જવાબદારીઓમાંથી કદી બહાર જ ન આવી શક્યો. ગયા વર્ષે રાજેશે અદિતિને કહ્યું હતું, બે દિવાળી ખમી જા. મમ્મીનું આંખનું ઑપરેશન અને નાની બહેનનાં લગ્ન. પછી આપણાં લગ્ન, અદિતિ પણ સામાન્ય ઘરની દીકરી હતી. એની પાછળ એક ભાઈ અને એક બહેન બન્નેનાં લગ્ન બાકી હતાં. એક સાંજે અદિતિની કંકોત્રી આવી. બસ એ પછી રાજેશ માટે જિંદગીનો અર્થ ઘરની જવાબદારીથી વધુ કાંઈ નહોતો રહ્યો.

રાજેશે એ ફોટો ફાડીને કચરાના ડબ્બામાં નાખ્યો. શર્ટના એક ગજવામાં આધાર, પેન્ટના એક ગજવામાં પેન કાર્ડ મૂકી, એણે પાકીટ બૅગમાં મૂક્યું.

ટ્રેન આવતા જ ''ચલો અંદર, ચલો અંદર''ની એની બુમો શરૂ થઈ, પણ ટ્રેનના ગૅટની ગિરદી પર એની કોઈ અસર ન થઈ. રાજેશ ગૅટ પર જ અંદર જવા ઝઝૂમી રહ્યો હતો. એને એના મગજમાં ચાલી રહેલ વિચારો બહાર આવવા મથી રહ્યા હતા.

ટ્રેને બાંદ્રા ક્રોસ કર્યું. રાજેશે ફરી મનોમન વિચાર્યું ''બસ હવે આજ એક રસ્તો છે''. ટ્રેન બરોબર બાંદ્રાની ખાડી ક્રોસ કરી રહી હતી, અને રાજેશે ''ચલો અંદર'' ની બુમ મારી, હૅન્ડલ છોડી દીધું.

ડબ્બામાં અફરાતફરી મચી ગઈ. ''ચેન ખીંચો, એક આદમી ગિર ગયા''.

ટ્રેન ઊભી રહી ગઈ. મુસાફરો આપસમાં ગુસરપુસર કરી રહ્યા હતા. ''ગિરદી જ કેવી છે. એમાં ભાઈનો હાથ છૂટી ગયો.''

બસ રાજેશ અને એના સંજોગો જાણતા હતા કે ''હાથ છૂટી ગયો'' કે ''રાજેશ છૂટી ગયો''.

- કુંદરોડી

# પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

## પગદંડી ઑક્ટોબર - કવરપેજ

ઑક્ટોબર માસ અને પગદંડી
રૂડું સોહામણું મુખપૃષ્ઠ
ચશ્માં, ચરખો, લાકડી ને ચાખડી
ને મહાત્માની પૃષ્ઠ દેહાકૃતિ...
અભિનંદન અંતરના........

**લિ. શાંતિલાલ ગઢિયા**
**વડોદરા**

## પગદંડીના લેખો

૨૦૨૨ - મે - જૂન - જુલાઈ - ઑગસ્ટ આ ચાર મહિના દરમ્યાન ચાતુર્માસ અર્થે કચ્છ ડુમરા સ્થાનિકે ગાળેલ સાધ્વી-મહારાજ–સાહેબનો વ્યાખાનવાણી, પૂજા, અનુષ્ઠાનોનો લાભ લીધેલ તથા ત્યાંના વસવાટ દરમ્યાન પગદંડીના લેખોના લાભથી વંચિત રહ્યા.

મુંબઈ આવી પગદંડીના ચારેય અંકોનુ તુરંત વિહંગાવલોકન કરતા આનંદની અનુભૂતિ થઈ, વાંચનશોખ સંતોષાયો. તંત્રીસ્થાનેથી પ્રમુખશ્રીની કલમે લીલાધરભાઈ માણેક ગડા - અધાના લેખો, ઊર્મિલહર તથા અન્ય લેખો વાંચી મજા માણી. સ્થાનિકે વસવાટ દરમ્યાન ફોનથી તંત્રી માલદે તથા નંદુભાઈના સંપર્કમાં રહેલ, ચાર મહિના દરમ્યાન ગાંધીજીની આત્મકથાનું સંક્ષિપ્તકરણ પ્રકરણવાઈઝ કરેલ અને હજુ પણ ચાલુ છે. તંત્રીસાહેબોએ આપેલ હૈયાધારણ બદલ આભાર.

**લિ. અમૃતલાલ દામજી નાગડા**
**મુલુંડ (વેસ્ટ)**

## પ્રતિભાવ - પૅનલનું પ્રદૂષણ

પ્રતિભાવ - પ્રતિસાદમાં આવેલ લેખ કચ્છીબાબુનો વાંચીને આનંદ થયો.

શા માટે પૅનલો હોવી જોઈએ? શું તમારામાં જીતવાની તાકાત નથી? હા...જી...હા કરો, ઠરાવ પાસ કરો, પૅનલમાં ઊભા રહો અને સામે તાકાતવાળી પૅનલ હોય તો સારા કામવાળા હોશિયાર હારી જાય છે જેનો દાખલો સામે છે.

હું દરેક સંસ્થાની એજીએમમાં મારા સવાલો કરતો હોઉં છું, જેના ખુલાસા પણ અપાય છે.

દરેક સંસ્થાઓએ બંધારણમાં પૅનલ બાબત ખૂલાસો આપવો જોઈએ,

**લિ. ભાઈચંદ રતનશી શાહ**
**મો. ૮૮૫૦૬૦૫૬૯૮**

**પ્રતિસાદ અને પ્રતિભાવ - અનુસંધાન પાના નંબર ૫૮**

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

મિઠા

કાનેમંતર (કાનો માત્રા) વિગરજેં શબ્દેં મેં પાં ''વકટ'' (વકેંઢ) (ઈટાઈટી જી રાંધ જો બૉલ) તેં મેડાવો કયો. આસા આય આં મિંજા જેંકે જુન્યૂં જાધૂં - જુન્યૂં રાંધૂં હૂંન્યૂં ઊ વરી કીંક જાધ કરાંઈધા! પાં ઈગીયા પગ મંઢીયૂં.

(૧) વકલ (પું) જાત, તરેહ (M) Variety
(વાકય) ''મૂં વટે પિંજા ગૂણીઉં ભૂતડ઼ી પિઈ આય, મિડ઼ે હિકડ઼ે વકલ જી આય!''

(૨) વકલ (પું) જથ્થો, ભંઢાર, ગંજ (M) Stock
(વાકય) ઈન ભૂતડ઼ી જો અઈં ચૉ ઈતરો પાં વટે વકલ આય!

(૩) વકલ પું નમૂનો (M) Sample
(વાકય) સેઠ, ઘિંવ ગિનણાં અઈં વકલ વતાઈંધા!?
વકલ જા મથલા બ અરથ ત અઈં જ, પણ હી ત્રયો અરથ (નમૂનો) કધાક પકો નતો થીયે, કોક જાણકાર, વૅપારી ક દાણેવારા ગિનાની વાટ વતાઈંધા ત વડો કમ થીંધો!

**પનપટી :** કચ્છી ક બિઈ કોય ભાસામેં શબ્દ મિંજા ઊંધો અરથ કઢણૂં ઑખો નાંય. પાં કેંકે ચોં, 'બબૂ તૂંતાં ડાઓ અઈયે, ઈતરે સમજૂ, ડાહ્યો ઍડો અરથ થીયે પણ જિરા ફિરાઈને ચોં, ''ડાઓ બૉરો!'' ત? ત સમજંધલ સમજી વિને જ હિતે ''ડાઓ=ચર્યો, ગાંડો.'' તૅડ઼ી જ રીતે ''ફિલાણૂં ત નિમૂનો આય!'' જો અરથ? નિમૂનો ત સારો વે, પણ હિતે નિમૂનો ઈતરે અકલ વિગરજો, મૂરખ? ગાલ ડિસ ભધલે ને શબ્દ જો અરથ ભધલે ઈનકે શબ્દજી વ્યંજનાશક્તિ ચેં તા!

ભલેં તડેં મિલોંતા!

- વિશન

## વાપસ આજા મેરે દોસ્ત

દો પલકી ખુશીકા વો સિતારા નહીં ?
તેરે સાથ જો પીતા વો સહારા નહીં ?
ડૂબાઈ ઔર એક શામ તુને ફિર !
જીસે તું ખોજે વો કિનારા નહીં ?

પકડલે હાથ મેરા તું ગભરા નહીં ?
વાસના જિંદગી કા ગુજારા નહીં ?
લૌટ ઉસ રાહસે ઐ મુસાફિર
'પ્રેમ' મિલેગા તુજે દોબારા નહીં ?

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## ફેર પૅ તો ?

ડીં ઉગૅ ને ઊલે
સિજ કે ફેર પૅ તો ?
મુંધ પુઆ મુંધ ભધલાજે
કુધરત કે ફેર પૅ તો ?
કાધો ને કીચડ વૅતો
કમલ કે ફેર પૅ તો ?
બંધિયાર પટ વૅતો
જરણો કે ફેર પૅ તો ?
વાંસરો વૅ ક નવે
વડર કે ફેર પૅ તો ?
ઑખી વૅક સૉખી
જિંધગી કે ફેર પૅ તો ?
કંઢા વડા વે ક નિંઢા
ગુલામ કે ફેર પૅ તો ?

હિનાભેદા... 'હિના'

✤✤✤✤✤

## આય સે આય

સિજ ઉલે ઊગે ચંધર, આય સે આય,
ફિરે ડીં, રાત જો જંધર, આય સે આય.

મૉજ સેં ઉડાયાં, પે, ડાડે જી જાગિર,
હાણેં ખેંતા પારકે લંગર, આય સે આય.

હણાણૂં રાવણ, હૂંધે વરડાનેં જી મૉ'ર,
યાૅ ન મરજાધા જે અંધર, આય સે આય.

હૂઈ કિનક જમાનેં પકી ધોસ્તારી,
હાણેં નફરત જા ખંજર, આય સે આય.

થીંધી અવગતિ ન ચેતબો 'કુસુમ',
ચોર્યાસી જી સંગર, આય સે આય.

નથી ગમતા હવે આ ચહલપહલ નેં ચકાચોંધ જિંદગીમાં.
સારું લાગે છે, એકાંતમાં ખોવાઈ નિજને મળવામાં.

કોઈ આવે બે-ચાર દિવસ સંબંધ નિભાવી જાય,
સ્વાર્થ છૂટતાં છોડી દે સાથ, ઠેલીનેં અંધકારમાં.

વ્યવહારો બધા થઈ ગયા લાગણી વિહોણાં,
સીંચન કરતાં પણ ન પાંગરે હેતની હેલીમાં.

થાય, ક્યારેક જગાડે કોઈ સ્પંદનો સંવેદનાનાં,
થાઉં હું તરબતર 'કુસુમ' સ્નેહની સરવાણીમાં.

✤✤✤✤✤

અચાનક રસ્તામાં એ ગયા મળી,
જોતાં જ અમનેં દીધી નજર ઢાળી.

હતા બેસણાં એકબીજાનાં દિલમાં,
જોઈ લાગી ઠેસ, ગઈ હું ખળભળી.

હતી ખોટ દિલમાં એમના, ખોટું કર્યાની,
પછી કેમને નજર અમારી શકે ખાળી?

વાતવાતમાં થઈ હતી અનબન,
અંહકારનો અજગર ગયો એને ગળી.

પૂછવું હતું ઘણુંબધું એકસામટું,
જઉં 'કુસુમ' કહેવા, જીભ ગઈ લોચે ચડી.

**કુસુમ ગાલા... 'કુસુમ'**

## માળો

એક તરણું ચાંચમાં પંખી ભરે,
બાંધવા માળો એ મહેનત બહુ કરે.

જાય સૂરજ સાંધ્યકાળે આથમી,
ક્ષિતિજો મળવા અધીરી તરવરે.

મોરલીમાં કૃષ્ણ મારે ફૂંક જ્યાં,
પ્રેમ રાધા શ્યામનો ત્યાં પાંગરે.

ઝળહળે છે તારલા ઈચ્છા તણાં,
આશનો ઝગમગ સિતારો ના ખરે.

જો ગયા છોડી જે પોતાના હતા,
'દિવ્ય' સંસ્મરણો જ એના સાંભરે.

✤✤✤✤✤

## જીયણ જીયે જૅડો

હુએ સાંતી લગૅ જીયણ મલમ જૅડો,
છિબ્યો રેલો લગે પગમેં ભિરમ જૅડો.

ડિઠી ગુફમેં પ કો ખૂણ ધિલમેં બરધે,
ડિસી સાએ કે થેઓ ઢબ પરમ જૅડો.

જુડ્યા વાવડ અસાંકે ઈ અચીંધા અંઈ,
ઉમટ્યો હેજ હિન મનમેં વલમ જૅડો.

થરોરિઈ નજર મિલઈ એન મિઠડેંસેં,
પડરતેં થધકસેં ભાસ્યો સનમ જૅડો.

વઈ વેઓ વખત હિન 'દિવ્ય' રેયાણે,
ખુસીસેં અખર ઉતારે કલમ જૅડો.

**દિવ્યા દેઢિયા 'દિવ્ય'**

## રેમ વિગર કીં રૉવાજે ?

જેંકે ધિલમેં રખે જૅડો વે,
તેંકે અખમે કડેં ન રખાજે.
જુકો અખમેં રખે જૅડો વે,
ઉન ભંધેકે માફ કરાજે.

ઇન ચાર ડીં જે જિયણમેં,
ભાવરેં સેં ભિરીને હલાજે.
જિધ આય નિપટ જાજરી,
તેં જી કડેં પાડ ન કઢાજે.

ખાસા અભરા અંઈ પિઢજા,
ઇનીકે ભાવસેં, ભેરે ગિનાજે.
''અગમ'' ચૅતો ઊર મિંજાનું,
રિડેમેં રેમ વિગર કીં રૉવાજે ?

✤✤✤✤✤

જાડ ઉછકાર વિજી ચૅતો,
મૂંકે નેતે જે હથાં મ પોખાયો,
જૅર આઉં વડો થીંધોસેં,
તૅરે હી વૅરી, વઢાય વિજધો.

આસમલ ધુલિયા ''અગમ''

✤✤✤✤✤

## નઉ વરે

ખિલી ખિલી ગાલ કરે ! છાલ નઉં વરે !
વસી માલામાલ કરે ! છાલ નઉં વરે !
ભર્યા ડિઈ ભંઢાર, જિજ્યું ભરકતૂં વિજે !
મિઠા, આંકે ન્યાલ કરે ! છાલ નઉં વરે !

**વિશન નાગડા**

છાલ - ઈશ્વર કરે !(કાશ!)

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૨ થી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨)**

**ચક્ષુદાન : 👁 દેહ/ત્વચાદાન : ✪ અવયવદાન : ✸**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| રૂષભ ધર્મેશ વસનજી છેડા | ૩૦ | તલવાણા | ઘાટકોપર 👁 |
| ભરત રવજી વરજાંગ મારુ | ૬૨ | નાના ભાડિયા | નાલાસોપારા |
| રતનબેન મુલચંદ ઉમરશી મામણિયા | ૭૪ | બેરાજા | મલાડ |
| કુ. કોકિલા દેવજી રામજી દેઢિયા | ૭૬ | બિદડા | પુના |
| લક્ષ્મીબેન રતનશી રવજી મામણિયા | ૮૦ | બેરાજા | ચેમ્બુર |
| કેસરબેન કલ્યાણજી મેઘજી દેઢિયા | ૮૯ | ટોડા | ડોંબિવલી |
| લક્ષ્મીબેન આણંદજી દેવજી દેઢિયા | ૯૧ | ગોધરા | દહીંસર |
| અંજુ નરેન્દ્ર ખીમજી મારુ | ૫૮ | હાલાપુર | મુલુંડ |
| મા. હેમલતા દેવજી ઠાકરશી સતરા | ૮૦ | ગુંદાલા | નાગપુર |
| ખુશાલચંદ જેઠાભાઈ ઉમરશી ફુરિયા | ૮૩ | તલવાણા | ડોંબિવલી |
| મોણશી અરજણ લખમશી દેઢિયા | ૮૫ | ભુજપુર | બોરીવલી |
| ઝવેરબેન રામજી રવજી કોરાણી (૧ ઉ) | ૯૪ | મોટા કપાયા | મોટા કપાયા |
| મા. ઝવેરબેન તલકશી જેઠા સાવલા | ૮૦ | ભારાપુર | નાલાસોપારા |
| વલ્લભજી નરશી કોરશી નાગડા | ૮૦ | વિઢ | વડોદરા 👁 |
| વિમળાબેન રામજી ઘેલા છેડા | ૮૦ | બાયઠ | બાડા |
| મુલચંદ લખમશી ગોગરી | ૮૩ | ટુંડા | નાલાસોપારા |
| પ્રેમજી વેલજી દેઢિયા | ૭૭ | લુણી | બોરીવલી |
| લક્ષ્મીબેન આશક હંસરાજ સાવલા | ૮૬ | ગોધરા | ગોધરા |
| શામજી મેઘજી જાદવજી સૈયા | ૮૨ | બેરાજા | ઘાટકોપર |
| કસ્તૂરબેન દામજી વેલજી ગડા | ૮૦ | દુર્ગાપુર | મુલુંડ |
| મા. સાકરબેન શામજી રવજી હરિયા | ૮૩ | નરેડી | મુલુંડ |
| દમયંતી હરખચંદ ભવાનજી રાંભિયા | ૮૪ | નાના ભાડિયા | મુલુંડ 👁 ✪ |
| મા. ઝવેરબેન દેવચંદ રાઘવજી વીરા (શાહ) | ૮૭ | દેશલપુર (કંઠી) | ચેમ્બુર |
| જિગર શાંતિલાલ આશક સાવલા | ૨૬ | ગોધરા | ગોધરા |
| પ્રતિમા (બિદડાનાં હીરબાઈ કુંવરજી કરમણ શાહની પુત્રી) | ૬૬ | — | સુરત |
| અ.સૌ. નીલમબેન રમણીકલાલ નરશી દેઢિયા | ૭૩ | ભુજપુર | બોરીવલી |
| હેમલતાબેન નેમચંદ તેજશી મોતા | ૭૬ | નાંગલપુર | કલ્યાણ |
| મોરારજી દેવજી જખ્ખુ ધરોડ | ૮૪ | પત્રી | વાલકેશ્વર |
| મા. મણિબેન રામજી ટોકરશી લાપસિયા | ૮૪ | કોડાય | વાશી |
| પ્રવીણ જેઠાલાલ દેવજી ગડા | ૭૦ | નવાવાસ | દહીંસર |
| કાંતિલાલ શામજી માલશી વોરા | ૭૪ | તલવાણા | હુબલી |
| પ્રવીણ પ્રેમજી લીલાધર છેડા | ૮૨ | નવાવાસ | સાત રસ્તા |
| કિશોર રામજી હીરજી વોરા | ૫૮ | બિદડા | અંબરનાથ |
| નીલમબેન ભવાનજી લખમશી દેઢિયા | ૭૬ | શેરડી | ગોરેગામ |
| મોહનલાલ વેલજી ગાલા | ૭૯ | વડાલા | ઘાટકોપર |
| મા. મણિબેન જેઠાલાલ દેવજી ફુરિયા | ૮૩ | બિદડા | સાંતાક્રુઝ |
| તારામતી તલકશી કરમશી ગાલા | ૭૧ | નાની ખાખર | મુલુંડ |
| મા. ઝવેરબેન ગોવિંદજી ખેરાજ મારુ | ૮૦ | હાલાપુર | મુલુંડ |
| કેશવજી ખીમજી ઘેલા સાવલા | ૮૨ | બાડા | કાંદિવલી |
| મા. ભાણબાઈ મોરારજી દેરાજ ગડા | ૮૭ | મોટા આસંબિયા | દાદર |
| કલ્યાણજી ચનાભાઈ શાહ (દેઢિયા) | ૯૨ | મોટા કપાયા | ભુજ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મણિલાલ ઉમરશી મોના દેઢિયા | ૬૩ | લુણી | બોરીવલી |
| સુંદરજી ભારમલ લધા સાવલા | ૬૬ | ભીંસરા | ગોરેગામ |
| વ્રજલાલ મોણશી લાધા ભેદા | ૮૦ | બેરાજા | વિલે પાર્લે |
| મણિલાલ શામજી કુંવરજી વીરા | ૭૫ | બિદડા | દહીંસર |
| હરિલાલ હીરજી ગણપત છેડા | ૭૮ | વડાલા | બેલાપુર |
| પુષ્પાબેન હંસરાજ જેઠા ગોસર | ૮૭ | નારાણપુર | ગોવંડી |
| રત્નકુક્ષી વિમળાબેન કાનજી શવરાજ છેડા | ૮૭ | વાંકી | ડોંબિવલી |
| જયંતીલાલ કાનજી કુંવરજી દેઢિયા | ૬૬ | ગઢશીશા | મુલુંડ |
| મંજુલાબેન ચાંપશી વીરજી દેઢિયા | ૭૫ | વડાલા | બોરીવલી |
| કસ્તૂરબેન ક્લયાણજી ચના શાહ/દેઢિયા | ૯૦ | મોટા કપાયા | ભુજ ( ૧ ઉ) |
| ગીતાબેન  કીર્તિ કરમશી વોરા | ૫૨ | બિદડા | બોરીવલી |
| મુલચંદ દામજી વેલજી છેડા | ૬૦ | ગોધરા | ભાઈંદર |
| મેઘના સૌરભ તલકશી છાડવા ઉ.દિ. | ૨૯ | બાડા | બાડા |
| છગનલાલ હીરજી ડાહ્યા ગડા | ૭૧ | સાભરાઈ | ભાંડુપ |
| ભાનુમતી હરખચંદ દામજી શાહ | ૭૮ | કોટડી મહા. | ગાંધીનગર |
| હેમરાજ મેઘજી સાંઘણ ગડા | ૭૧ | રાયધણજર | કોપરખેરણે |
| રાઘવજી વીરજી ચના ગાલા | ૮૭ | લાખાપુર | માટુંગા |
| ભાનુબેન સુરેન્દ્ર હીરજી ખુથીયા | ૭૩ | સાડાઉ | બોરીવલી |
| લક્ષ્મીબેન લાલજી તેજશી સાવલા | ૮૫ | ડેપા | મુલુંડ |
| ચિ. પહલ સચીન વસનજી નિસર | ૩ | દેવપુર | અંબરનાથ |
| રીંકેશ શીરીષ પ્રેમજી મોતા | ૩૫ | બારોઈ | કર્ણાટક (૧ઉ) |
| દયારામ (દેશલપુરના શાંતાબેન રામજી દેવજી વીરાના જમાઈ) | ૬૫ | | મલાડ |
| અજિતસિંહ પ્રેમજી વેલજી ગડા | ૮૬ | બિદડા | કાંદિવલી |
| વર્ષા લલિત ભીમશી ગાલા | ૫૬ | બાડા | વસઈ |
| હીરજી શિવજી હંસરાજ છેડા | ૮૫ | બગડા | પ્રભાદેવી |
| સુંદરબેન મગનલાલ કુંવરજી સાવલા | ૮૬ | વડાલા | વડાલા |
| તેજબાઈ ખીમજી હંસરાજ ગાલા | ૮૯ | છસરા | સેન્ડહર્સ્ટ રોડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અ.સૌ. નીલમ કિર્તી હંસરાજ છેડા | ૬૪ | નાના આસંબિયા | મુલુંડ |
| લક્ષ્મીચંદ મેઘજી નેણશી સંગોઈ | ૭૪ | ભીંસરા | અંધેરી |
| કિશોર મેઘજી કોરાણી | ૮૧ | રતાડિયા ગણેશ | ચેમ્બુર |
| મા. જવેરબેન લાલજી મેઘજી વીરા | ૭૧ | બેરાજા | ડોંબિવલી |
| સુરેન્દ્ર તલકશી ગોસર | ૬૧ | દેવપુર | ચેન્નાઈ |
| અશોક રામજી વેલજી સાવલા | ૬૫ | નાની તુંબડી | અમદાવાદ |
| ઉદય વસનજી નાનજી સાવલા | ૩૯ | બેરાજા | ભુજ |
| મા. ઉમરબાઈ ગાગંજી તલકશી નાગડા | ૮૭ | કોટડા રોહા | મુલુંડ (૫૫ઉ) |
| ભુપેન કિશોર કુંવરજી વિસરિયા | ૪૦ | શેરડી | ડોંબિવલી |
| ચિ. ભાવના વસંત નેમજી દેઢિયા | ૪૨ | કોડાય | મુલુંડ |
| દીપ્તિ ( કોડાયના લલિતા ચંદ્રકાંત ખીમજીની પુત્રી) | ૪૭ | - | ભુજ |
| અ.સૌ. કસ્તૂરબેન શાંતિલાલ રણશી લાલન | ૬૯ | મોટા આસંબિયા | દહિંસર |
| બા.બ્ર. હેમકુંવરબેન દેવજી અરજણ સતરા | ૭૫ | ગુંદાલા | દાદર |
| જયંતીલાલ લાલજી મોણશી ગાલા | ૭૯ | લાખાપુર | માટુંગા |
| વીરચંદ ભવાનજી ગાંગજી ગાલા | ૭૯ | દેશલપુર (કંઠી) | ચેમ્બુર |
| જવેરબેન રામજી લખમશી મારુ | ૮૨ | લાખાપુર | પરેલ |
| જવેરબેન માવજી મેઘજી હરિયા | ૮૨ | શેરડી | મુલુંડ |
| અ.સૌ. નીતાબેન મુલચંદ શિવજી ગાલા | ૫૭ | બાડા | લાલબાગ |
| જયંતી મેઘજી વેલજી સાવલા | ૬૮ | નાની તુંબડી | ભુજ |

## કાળધર્મ પામેલ છે.

| | |
|---|---|
| પૂ. સાધ્વીજી શ્રી મઋતપ્રભાશ્રીજી મ. સા. | ઉ. વર્ષ - ૫૮ |
| શ્રી મલયકુમારી આર્યાજી અજરામર સંપ્રદાય | ઉ. વર્ષ - ૬૨ |
| મુનિશ્રી ભદ્રાંકરસાગરશ્રીજી (પ્રથમ વિદ્યાભીક્ષુ) | ઉ. વર્ષ - ૮૬ |

### –: સુધારો :–

સપ્ટેમ્બર -૨૦૨૨ની પગદંડી પાના નંબર ૫૭ ઉપર નીચેથી ઉજી લાઈનમાં અ.સૌ. ડિમ્પલ અતુલ મગનલાલ શેઢિયા (ગુંદાલા- કુર્લા) પ્રાર્થના રાખેલ છે એમ સુધારી વાંચવું.

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| અ.સૌ. ભાનુમતી કમલકાંત રામજી દેઢિયા | ૭૨ | નાની ખાખર | પુના |
| કલ્યાણજી વીરજી જખુ છાડવા | ૭ | માપર | દાદર |
| મા. ઈન્દુબેન દેવજી માડણ ગાલા | ૮૧ | મોટી ખાખર | ઘાટકોપર |
| જેઠાલાલ પાસુભાઈ રામજી સાવલા | ૬૭ | દેશલપુરી | ફણસવાડી |
| હરખચંદ પ્રેમજી હીરજી ગાલા | ૭૦ | વડાલા | કોલ્હાપુર |
| કિંજલ નીતેશ ડુંગરશી શાહ / દેઢિયા | ૫૧ | કપાયા | વડાલા |
| નવીનચંદ્ર રામજી સોજપાર સતરા/શાહ | ૭૫ | ડોણ | અમદાવાદ |
| મા. નાનકુંવરબેન રામજી લખમશી દેઢિયા | ૯૩ | ગુંદાલા | માટુંગા |
| મા. મઠાબાઈ હીરજી પાસુ છેડા | ૯૮ | ડેપા | કાંદિવલી |
| હસમુખ મુલચંદ હીરજી/ચના મારુ | ૭૧ | નાના ભાડિયા | થાણા |
| ચંનદબેન રવિન્દ્ર નાગશી સાવલા | ૬૨ | ભીંસરા | ભાંડુપ |
| કિરણ કુંવરજી ટોકરશી વીરા | ૭૧ | નાગલપુર | હાજીઅલી |
| ટોકરશી પ્રેમજી હંસરાજ પોલડિયા | ૭૭ | બિદડા | તિલકનગર |
| કિશોરચંદ હીરાચંદ ગોરજી ગાલા | ૭૮ | ગઢશીશા | ગઢશીશા |
| વેલજી નરશી કરસન ગડા | ૭૭ | સામખિયારી | બોરીવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| સાકરચંદ વીરજી પુનશી દેઢિયા | ૬૮ | શેરડી | દેવપુર |
| સંઘમાતા નિર્મળાબેન ઉમરસી લધા ગંગર | ૮૬ | નાંગલપુર | માટુંગા |
| જયાબેન પ્રવીણચંદ્ર રવજી ગાલા | ૭૦ | મોટા આસંબિયા | કાલા ચૌકી |
| લક્ષ્મીબેન લાલજી લખમશી પોલડિયા | ૭૭ | બિદડા | ઉદવાડા |
| કિરણ વીરચંદ રવજી નંદુ | ૬૫ | નાના ભાડિયા | ભાંડુપ |
| વિજયાબેન લક્ષ્મીચંદ કુંવરજી ભગત (મોતા) | ૯૦ | રાયણ | ઘાટકોપર |
| મેઘજી ખીમજી ઘેલા છાડવા | ૮૪ | બાડા | અંધેરી |
| અ.સૌ. દેવયાની ધનસુખ કેશવજી મામણિયા | ૭૨ | નાના ભાડિયા | નાયગાવ |
| દમયંતી કિર્તી નરશી દેઢિયા | ૫૨ | ભુજપુર | માટુંગા |
| મા. કંકુબેન ભવાનજી મેઘજી વોરા | ૭૯ | બિદડા | મલાડ |
| પ્રેમજી મુલજી વીરમ મારુ | ૯૨ | કારાઘોઘા | ગોરેગામ |
| હર્ષદ રામજી મુરજી દેઢિયા | ૫૨ | ગઢશીશા | જોગેશ્વરી |
| અ.સૌ. કલ્પના પ્રેમચંદ ઉમરશી મોતા | ૬૯ | દેવપુર | ઘાટકોપર |
| મા. સાકરબેન કલ્યાણજી રામજી સાવલા | ૯૦ | બાડા | મુલુંડ |
| | | | |

# પ્રતિભાવ - પ્રતિસાદ

## KVO POPULATION

The article by Dr Hiren Gala in October issue of Pagdandi, regarding his concern over the decline in our KVO population, is very much timely and thought provoking ! It needs deep thinking by the parents, young generation and more so by the Donating elite personalities of our KVO community !

Presently, we are reading a lot about the Global Kutch Movement which is doing a remarkable work in alround developement of Kutch like managing water conservation, tree plantation, low carbon footprint and so on. The funds for the entire works are raised from KVO community. A big salute to them for all this great efforts !

But one big question!

All this great development for whom ? Almost 90 % of our KVO population, be it young or old, is settled out of Kutch with their deep rooted.

established businesses, professions and highly paid jobs, who would never think of shifting to Kutch !! Moreover, as Dr Hiren writes worriedly, about the rate of our decllining Population, in next few decades, none of the KVOs would be left to enjoy the fruits of the great development now being done in Kutch !!

As such, we, KVOs must seriously consider the concern shown by Dr Hiren and take steps to increase or atleast maintain the present level, before we suffer extinct like Parsis !!!

Vasant Kutch Kesari,
Devpur, Mulund, Mobile. 8451098678.

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ
75
સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યાં ૭૫ વર્ષ
સંપ, સંગઠન, સમર્પણ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



સંજીવની સ્વાસ્થ્ય યોજના



બુક બેંક




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ



સમુહ લગ્ન







સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) NOVEMBER 2022 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022

# શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ

75

સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ

**સંપ, સંગઠન, સમર્પણ**